Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

હરિઃ ૐ

# હરિભાવ

Year : 25 - Issue : 01

October, 2020



જે જે સંબંધો જીવનમાં મને થયા છે, તેનો સ્પષ્ટ હેતુ પણ મને સમજાયો છે. તે ભગવાનની કૃપાથી એ હેતુની પાછળ ભાવનાનું પણ દર્શન મને થયું છે-થયા કરે છે. એટલું જ નહિ પણ મારા જીવનમાં તે તે સૌ શા માટે મળ્યા છે, એનું કાર્ય શું છે, એ પણ સમજાતું જતું હોવાથી એમાંથી મને સતત લાભ જ થયા કર્યો છે.

- શ્રીમોટા

*'જીવનસંદેશ', છઠ્ઠી આવૃત્તિ, પૃ. ૧૬૧*



ઘણું વાંચ્યું, વિચાર્યું ને લખ્યું સંતોષપૂર્વક મેં,
હવે કરવાપણું કાંઈ નથી બાકી, નથી બાકી.

દીઠાં પેરીસ, લંડન ને જીનીવા શહેર કેવાં તે,
હવે પરલોક જોવું છે, જીવનનો અંત પાસે છે.

પરાર્થે કાર્ય કીધાં જે, સહન જે જે કર્યું તે તે,
જીવન સાર્થક બનાવે છે, હવે એ સ્પષ્ટ ભાસે છે.

અને તે મૃત્યુ વેળાએ, બધાંને પ્રાર્થના મારી,
ન આસું સારશો કોઈ, બતાવો સ્વસ્થતા રાખી.

- શ્રી નંદુભાઈ

'જીવન સાર્થકતાની કેડીએ',
ભાગ-૨ પ્ર. આ., પૃ. ૩૮૪

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

‘હરિવાણી ટ્રસ્ટ’ દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : સુરેશચંદ્ર વોરા
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૫ અંક : ૧ ઑક્ટોબર, ૨૦૨૦

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, ‘હરિભાવ’ ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશચંદ્ર વોરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
‘હરિવાણી ટ્રસ્ટ’, C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી ‘હરિવાણી ટ્રસ્ટ’ ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : ‘હરિવાણી ટ્રસ્ટ’**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
‘હરિભાવ’ ઉપલબ્ધ હોય છે.
ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪,
મોબાઈલ : ૯૭૨૭૭૩૩૪૦૦

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪

## અનુક્રમ

**પૂજ્ય શ્રીમોટા દ્વારા અપાયેલ સ્મરણાંજલિઓ**

૧. શ્રીમતી ડૉક્ટર કાંતાબહેનને તથા
શ્રી રામભાઈ મગનભાઈ પટેલ (વિદ્યાનગર)ને .......... જીવનમંથન ૪
૨. સ્નેહી શ્રી બેચરભાઈ સોમાભાઈ પટેલ (‘મોટા’)ને .... જીવનઆહ્લાદ ૫
૩. શ્રી રમાકાંતભાઈ જોષીને સપ્રેમ ....................... ભાવજ્યોતિ ૬
૪. શ્રી હરમુખભાઈ જોગી (મુંબઈ)ને સપ્રેમ ................ ભાવપુષ્પ ૭
૫. શ્રીમતી ડૉક્ટર તરુલતા શાંતિભાઈ પટેલને
શ્રી પંકજકુમાર શાંતિભાઈ પટેલને, શ્રી ધ્રુવકુમાર શાંતિભાઈ પટેલને
(ન્યુયોર્ક-અમેરિકા)ને સપ્રેમ ............................ ભાવરેણુ ૮
૬. આધ્યાત્મિક જીવન શુષ્ક નથી .................... શ્રીમોટા ૯
૭. શ્રીરમણમહર્ષિ અને મહાત્મા ગાંધીજી ... કાર્તિકેય અ. ભટ્ટ ૧૦
૮. આધ્યાત્મિક વ્યક્તિઓનું માર્ગદર્શન ... જ્યોતિબહેન થાનકી ૧૩
૯. ગુરુને છેતરવા નહિ ........................... શ્રીમોટા ૧૫
૧૦. શ્રેયસાધક શ્રી નંદુભાઈના સાંનિધ્યમાં .......... મનુ પંડિત ૧૬
૧૧. હું ગાંડો ન થાઉં તો શું કરું ? .............. શ્રીદાસાનુદાસ ૧૮
૧૨. પૂ. શ્રીકેવલાનંદજીનાં સંસ્મરણો .......... રામાનુજ પાઠક ૨૧
૧૩. સંસાર તો શ્રીહરિનું વ્યક્તવ્ય છે .................. શ્રીમોટા ૨૨
૧૪. નામની સાધના શ્રેષ્ઠ છે ......................... શ્રીમોટા ૨૪
૧૫. વાસના ટાળવી અતિભારે કામ છે ........ શ્રીજી મહારાજ ૨૬

**જ્ઞાનદાન / સહયોગ**

**પૂજ્ય શ્રીમોટાના વડોદરા નિવાસી સ્વજન શ્રી કંદર્પ બ્રહ્મભટ્ટ તરફથી તેઓશ્રીના પૂ. પિતાશ્રી ગજેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટના ૮૪મા જન્મદિન નિમિત્તે આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે, તે બદલ અમો તેમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.**

**- સંપાદક**

(૧) **શ્રીમતી ડૉક્ટર કાંતાબહેનને**

**તથા**

**શ્રી રામભાઈ મગનભાઈ પટેલ (વિદ્યાનગર)ને**

**સપ્રેમ સમર્પણાંજલિ**

(અનુષ્ટુપ)

રામ, કાંતા મળ્યાં કેવાં ઓચિંતાં જીવને મને !
ગરીબની વહારે શાં ધાયાં છે અણીની સમે ! ૧

આમંત્રેલાં નથી મેં તો, આપમેળે પધારિયાં,
સ્વીકારી લૈ મને કેવો બનાવ્યો નિજનો સદા ! ૨

પોતાનો ગણીને પૂરો ભાગ **ભાવતણો** દીધો,
ભાગ્યે જોવા મળે તેવું, આશ્ચર્ય સૌથી મોટું શું ! ૩

કમાણીમાંથી પોતાની ભાગ આપ્યા કરેલ છે,
ને પરમાર્થનાં કર્મે સહકાર દીધેલ છે. ૪

મારી અંગત સેવામાં આપ્યો છે સાથ બેઉએ,
રાખ્યાં છે ક્ષોભ મર્યાદા, સંકોચ કૈં ન બેઉએ. ૫

પડવા તૂટ ના દીધી સેવાનાં કર્મને વિશે,
માડીના જેવી સંભાળ મારી કેવી લીધેલ છે ! ૬

પનારે હું પડેલો છું તેને **નિભાવવાતણી**
- કાળજી રાખવાની છે તમારે બેઉએ ચહી. ૭

યદ્વાતદ્વાપણું મારું વેઠી લીધેલ કેવું છે !
તમે ના ગણકાર્યું છે, ના મન કૈં લીધેલ છે. ૮

સેવાનો બદલો પૂરો વળાવાનો ન મુજથી,
બદલો **વાળવાકેરી** મારી તાકાત ના કશી. ૯

આપી, આપી, આપી શું શકું, હું તુચ્છ જીવ છું,
સમર્પણાંજલિ ભાવે સમર્પી હું, પદે નમું. ૧૦

હરિઃૐ આશ્રમ, સુરત, તા.૨૧-૮-૧૯૭૪ **- મોટા**

'જીવનમંથન', બી.આ.

(૨) ॥ હરિઃૐ ॥

## સ્નેહી શ્રી બેચરભાઈ સોમાભાઈ પટેલ ('મોટા')ને
## (ચીખોદ્રા)
## સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

'મોટા' તમે થયા કેવા ગુણ તેવા નર્યા ભર્યા,
મોટાપણું તમે રાખો ઉદારતાથી સર્વદા. ૧

દાનમાંયે તમે મોટા શા શૂરવીર દાનમાં !
ઉત્તમ કેટલાં કર્મે કેવી પ્હેલ કરી સદા ! ૨

સારાં જે કર્મને હર્ષે વધાવી લઈને તમે,
પોતાનાથી થતી એવી સ્હાય, ઓથ કરો તમે. ૩

નાનું માનવી કે મોટું તેનો ભેદ ગણ્યો ન છે,
મહત્ત્વ કર્મને આપી તેને વધાવિયું જ છે. ૪

ઉત્તમ સર્જવા માટે ત્યાગ મોટો સદા કરી,
બોધ કેવો બધાંનેયે પૂરો શો પાડતા વળી ! ૫

પરમાર્થ અને ત્યાગ જીવને વણીને તમે
-કોઈ જાણે ન તે રીતે રહ્યા છો વર્તતા જગે. ૬

શ્રીમંત લોક જોયા છે, તેમાં છો આગવા સહી,
શું પરમાર્થમાં આપ્યા કર્યું છે, દિલ ભાવથી. ૭

તમારી ઓથને સ્હાયે સધાયો પરમાર્થ કૈં,
મને સત્કર્મમાં પ્રેમે કેવો પોષ્યા કર્યો તમે ! ૮

એવાને અર્પી અર્પી હું, અર્પી શું શકું દીન છું !
ભાવે જીવનઆહ્લાદતણી અંજલિ હું ધરું. ૯

હરિઃૐ આશ્રમ, નડિયાદ. **-મોટા**

તા. ૨૦-૫-૧૯૭૨

'જીવનઆહ્લાદ', પ્ર.આ.

(૩)

॥ હરિઃૐ ॥

**શ્રી રમાકાંતભાઈ જોષીને**

સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

શાં કેટકેટલાં વર્ષોથી સંબંધ થયો હતો !
એકબીજાની સંગાથે જીવતો કાળથી થયો. ૧

તમે સદ્‌ગુરુ માનેલા, મેં તો કિંતુ ગણેલ છે
-પાસેના મિત્રના જેવા, તે હકીકત જુદી છે. ૨

કર્મમાં ખપમાં આવ્યા શા કેટકેટલા તમે !
જહેમત ઉઠાવી જે, તે માટે શા ઋણી છીએ ! ૩

સારું કર્મ કર્યું હોય જે કેટલીક વાર તે,
પરંતુ સ્વભાવને લીધે ઊંધું શું માર્યું જાય છે ! ૪

તમે સ્વતંત્ર, ન્યારા છો, નિરાળા નિઃસ્પૃહી ખરા,
ઝાઝો કોઈની સાથે તો દિલનો મેળ ખાય ના. ૫

છતાં સંબંધ તે ભાવે જીવતો રાખવા હૃદે,
જીવતા જાગતા એવા પ્રયત્નો શા કરેલ છે ! ૬

મારી સંભાળ એ રાખે ભાઈથીયે અધિક શી !
જોઈતી ચીજની ખોટ કદીયે પડવા ન દે. ૭

જે કહું તે ખરે માની હુકમ વર્તશે હૃદે,
મારે માટે ઘણું એણે કર્યું છે સૌ જરૂરથી. ૮

હું તો આપી શકું એવો મુદલે ના, નમાલ છું,
હું નમારમૂંડો માત્ર સમર્પણાંજલિ ધરું. ૯

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**

તા. ૨-૧૦-૧૯૭૪

‘ભાવજ્યોતિ’, પ્ર.આ.

(૪)

॥ હરિઃૐ ॥

## શ્રી હરમુખભાઈ જોગી (મુંબઈ)ને

### સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

કેટલા કેટલા કામે તમે આવ્યા જગે મને !
કેટલું વ્‍હાલ રાખ્યું છે મારા જેવા પરે તમે ! ૧

તમે સંભાળ રાખી છે કેટલી વાર મારી જે !
મને આરામ દેવાને તત્પરતા તમારી છે. ૨

શાં કેટકેટલાં કામ તમોને સોંપતાં કશો
-સંકોચ ના થતો, એવા સજ્જન શા મળ્યા તમે ! ૩

આખા કુટુંબનો ભાવ કૃપાથી શો મળે મને !
ભાગ્યશાળી તમારા સૌ જેવાથી હું થયો જગે. ૪

એવા સ્નેહીજનોથી શો શોભીતો છું રૂડો જગે !
એવા બધા જનો વ્‍હાલા હરિની પુષ્પ-અંજલિ. ૫

મારો સ્વભાવ શો ઉગ્ર, છતાં આણ્યું ન દિલ છે,
શાંત સ્વભાવવાળા શા ! તમારું લખું હું શું જે ! ૬

આપને આપવા જેવું મારી કને નથી કશું,
હૈયાના હેતના ભાવે સમર્પણાંજલિ ધરું. ૭

**-મોટા**

હરિઃૐ આશ્રમ, નડિયાદ
તા. ૧-૯-૧૯૭૪
'ભાવપુષ્પ', પ્ર.આ.

**ખાસ નોંધ**

- **પરદેશમાં વસતાં સ્વજનોને વિનંતી કે તેઓ દાન-ભેટ મોકલે તો ભારતમાં સ્થિત બૅંકોના જ ખાતાઓનો ઉપયોગ કરે. સાથે PAN જરૂરથી મોકલે.**
- **ભારતમાં વસતાં સ્વજનોને વિનંતી કે તેઓ દાન-ભેટ મોકલે તો તેમનાં નામ-સરનામાં, PAN, ટે.નં., મો. નં. જરૂરથી મોકલે.**

**- સંપાદક**

(૫)

॥ હરિઃૐ ॥

**શ્રીમતી ડૉક્ટર તરુલતા શાંતિભાઈ પટેલને**
**શ્રી પંકજકુમાર શાંતિભાઈ પટેલને**
**શ્રી ધ્રુવકુમાર શાંતિભાઈ પટેલને**
**(ન્યુયોર્ક-અમેરિકા)**

સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

ખરા સંબંધમાં આવ્યો તમારા ત્રણ સાથમાં,
ત્રણેયે ભણતાં ત્યારે આવતાં વારવાર શાં !

પરિચય થતાં, ત્યારે સ્વભાવ ઓળખાય છે,
ખપમાં આવવું એવો મારો સ્વધર્મ તો ખરો.

તમારું કામ કીધું છે, જેથી આજ તમે રળો,
ને સાથે સૌ તમેયે તે દાખવી છે ઉદારતા.

તરુને કદી ના ભૂલી શકાય સ્થિતિ એવી છે,
ધ્રુવ, પંકજ બન્નેયે ભુલાયાં ના ભુલાય છે.

દિવ્ય મદદ બન્નેને કૃપાથી શી થયેલ છે !
કદી જીવનમાં તેઓ ભૂલી જઈ નહીં શકે.

ત્રણેનો અદ્‌ભુત કેવો શો ઉપકાર કેટલો !
આપતાં દિલ ઉદાર ત્રણેનું કેવું થાય છે !

હું જે કંઈ કામ લાગ્યો છું, તે તો નમાલું છે નર્યું,
મદદ તેમની તોલે કૈં ગણતરી મારી ના.

સાવ ગરીબ એવો હું આપી, આપી શકું જ શું ?
પાસે કશું નથી, માત્ર સમર્પણાંજલિ ધરું.

**—મોટા**

હરિઃૐ આશ્રમ, સુરત
તા. ૧૪-૯-૧૯૭૪
'ભાવરેણુ', પ્ર.આ.

# (૬) આધ્યાત્મિક જીવન શુષ્ક નથી

શ્રીમોટા

આધ્યાત્મિક જીવનમાં એટલો બધો રસ છે કે જે રસની કલ્પના પણ આપણને આવી શકે તેમ નથી. આધ્યાત્મિકતામાંથી જીવન શુષ્ક બને છે એવું કહેનારને આધ્યાત્મિકતાનું કશું જ ભાન નથી, તે બાબતમાં તે તદ્દન મૂર્ખ અને અજ્ઞાની છે એમ સમજવું.

સંસારનાં કર્મના વમળમાં ડૂબી જવાનું નથી. સંસારની ભુલભુલામણી તો એવી છે કે ભલભલા એમાં ભાંગી પડે છે. સંસારની રમતમાંથી જીતીને બહાર નીકળનાર કોઈક વિરલો વીર હોય છે. અમારાં કેટલાંય સ્વજનોને મન, બુદ્ધિ, પ્રાણ અને અહંકારની અનેક પ્રકારની રમતમાં ફસાયેલાં જોઈને એવી વેળાએ એવાં સ્વજોનોને અમે પોકાર્યા કરીએ છીએ, પણ **અમારા હૃદયનો સાદ કોણ સાંભળે ? અમારામાંની તે વેળા એક પ્રકારની હાય પણ નીકળે છે.**

સંસારવહેવારમાં અનેક પ્રકારના ગમતા, નગમતા અને અણગમો ઉપજાવે એવા પણ પ્રસંગો મળ્યા કરવાના. એમાં જ આપણી આકરી તાવણી પણ થવાની. એ જો આપણને કઠ્યું, એમાં સંતાપ લાગ્યો કે ક્લેશ ઊપજ્યો કે ચીડ ચઢી કે અકળામણ થઈ કે ગૂંગળામણ થઈ તો જાણવું કે આપણે હજી કાચા છીએ. પ્રસંગ મળતાં જો તેનો હૃદયપૂર્વક ભાવનાથી સ્વીકાર થાય તો એક પ્રકારનો આનંદનો ઉમળકો પ્રગટે છે. એમ થતાં મળતાં કામનો ભાર આપણે કશો પણ લાગવાનો નથી. ભાર કે બોજ લાગે તો જાણવું કે ક્યાંક ચણચણાટીની લાગણી છે.

મહાત્માગાંધી રાઉંડ ટેબલ કૉન્ફરન્સમાં લંડન ગયા ત્યારે ભાગ્યે જ બે કલાક ઊંઘતા. શ્રી જવાહરલાલ નહેરુ આજે પણ ભાગ્યે જ ચાર કલાક ઊંઘે છે એમ સાંભળ્યું છે. એવા એવા દાખલા આપણને પ્રેરણા આપનારા છે. સ્થૂળ કામથી જે જીવ ડર્યો કે જરા પણ નાહિંમત થયો તો તે આધ્યાત્મિક માર્ગમાં ઝાઝો શક્કરવાર વાળી શકનાર નથી.

મારો એક દાખલો આપું. સંઘમાં એક સમય એવો હતો કે પૈસાની તાણ હતી, વેતન મળે એવું હતું નહિ. એટલે દોઢ કલાકનું ટ્યૂશન રાખ્યું. તે ટ્યૂશન કરવા રોજ જતો. તે ઉપરાંત, આશ્રમમાં રોજ સવા કલાક આશ્રમની મોટી બહેનોનો પ્રૌઢશિક્ષણનો વર્ગ ચલાવતો અને હાલમાં સંઘની ઑફિસમાં ચાર જણા કામ કરે છે તેટલું કામ એકલે હાથે કરતો. સવારના છથી રાતના નવ સુધી કામ ચાલતું ત્યારે બપોરે આરામ લેવાનો ન હતો. ચા પણ ઑફિસમાં જ બપોરે મા, બા કે ભાભી આપી જતાં. મારા કામમાં અનેક વ્યક્તિઓની સાથે મેળાપ થતો ન હતો. જ્યારે અનેક વ્યક્તિઓની સાથે મેળાપ બનતો હોય ત્યારે સામસામી વૃત્તિઓની અથડામણ થવાનો પણ સંભવ છે. મારા કામમાં એટલા પ્રમાણમાં અથડામણનો સંભવ ન હતો. અથડામણ થાય એવા સંજોગો ઊભા થતા હતા, પરંતુ તેને પ્રભુકૃપાથી સ્પર્શવા દેતો ન હતો. ઘણું જ મૌન જાળવતો. હાલ જેટલું બોલું છું તેવું ત્યારે બોલતો ન હતો. માત્ર બૂમાબૂમ અને કૂદાકૂદ કરતો.

સંસારવહેવારમાં કામ કરવામાં અનેક જીવોની સાથે મળીને કામ કરવાનું હોય છે. એટલે માનસિક અથડામણ પણ થાય. અથડામણ થતાં મન તંગ બને અને તેના કારણે વ્યગ્રતા પ્રગટે અને તેમાંથી અશાંતિ થાય છે. અશાંત થવાતાં ભાવના અને સ્મરણ ઊડી જાય છે. તેવી દશા થતાં જીવનનું ધન વેડફી દેતા હોઈએ છીએ, પરંતુ તેનું ભાન ભાગ્યે જ કોઈને થાય છે. તેથી કરીને પ્રસંગમાં, વિખવાદમાં કે સર્વના સંગાથમાં બને તેટલી શાંતિ અને તટસ્થતા કેળવતા શીખીએ. બધાંની સાથે હૃદયનો સદ્‌ભાવ, પ્રેમ અને માનસિક ઉદારતા રાખીએ. આપણી જાતને તેમાં ઘણું ઘસાવું તો પડશે, પણ એ ઘસાવવું તે જ યજ્ઞ છે, તપ છે અને તપશ્ચર્યા છે.

'જીવનમંડાણ', બી.આ.,પૃ.૧૦૦ ❏

## (૭) શ્રીરમણમહર્ષિ અને મહાત્મા ગાંધીજી

**કાર્તિકેય અ. ભટ્ટ**

શ્રીરમણમહર્ષિ અને મહાત્મા ગાંધી ક્યારેય એકબીજાને મળ્યા ન હતા. આમ છતાં બન્ને વચ્ચે આત્મિક વ્યવહાર થતો હતો. રામાસ્વામી રેડ્ડીઆર શ્રી રમણમહર્ષિના આશીર્વાદ અને સંમતિથી મદ્રાસના (૩ માર્ચ, ૧૯૪૭) મુખ્ય પ્રધાન નિયુક્ત થયા પછી ગાંધીજીને મળવા ગયા હતા, ત્યારે ગાંધીજીએ તેમને પૂછ્યું, 'તમે રમણાશ્રમ જાઓ છો ખરા ?' રામાસ્વામીએ જણાવ્યું તેઓ છેલ્લાં ત્રીસ વર્ષથી ત્યાં જતા હતા. ગાંધીજીએ સાનંદ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું, 'એમ વાત છે ? મેં ત્રણ વખત રમણમહર્ષિને મળવા પ્રયાસ કર્યો હતો. પરંતુ હું તેમને મળી શક્યો ન હતો !' શ્રી રમણમહર્ષિએ કહ્યું હતું, 'ગાંધીજી શું કરે ? એ કેવી રીતે આવી શકે ? તેઓ એક ક્ષણ માટે પણ એકલા પડી શકતા નથી !'

એક મહર્ષિ અને બીજા મહાત્મા. એકની નિવૃત્તિમાં પ્રવૃત્તિ બીજાની પ્રવૃત્તિમાં નિવૃત્તિ, એકની પરિભાષા મૌનની, બીજાનું કાર્ય સતત બોલતા રહેવાનું. એક અરુણાચલ છોડીને ક્યાંય ગયા નથી જ્યારે બીજા એમના જીવનકાળ દરમ્યાન એક જગ્યાએ ક્યારેય ઠરીને રહ્યા નથી. સરોજિની નાયડુ આ બન્ને મહાપુરુષોને સાંકળીને લખે છે : 'ભારતમાં બે મહાન વ્યક્તિઓ છે : એક રમણમહર્ષિ જે આપણને શાંતિ આપે છે. બીજા મહાત્મા ગાંધી જે આપણને એક ક્ષણ માટે પણ નિરાંતે જંપવા દેતા નથી, પરંતુ બન્નેનું લક્ષ્ય એક જ છે જેનું નામ છે : 'ભારતમાં આધ્યાત્મિક પુનરુદ્ધાર.'

શ્રીરમણમહર્ષિએ એમના પરિચારક કૃષ્ણાસ્વામીને કહ્યું હતું :

'ગાંધીજીની નિકટના કોઈ ફરિયાદ કરે કે પોતાનું મન અશાંત બન્યું છે, તો ગાંધીજી એને થોડો સમય માટે રમણાશ્રમમાં રહી આવવાનું કહેતા.' તા. ૧૪-૮-૧૯૩૮ના રોજ શ્રી રાજેન્દ્રપ્રસાદ અને શ્રી જમનાલાલ બજાજ શ્રી રમણાશ્રમ ગયા હતા તથા તા. ૧૮-૮-૧૯૩૮ સુધી રોકાયા હતા. શ્રીરમણમહર્ષિ સાથે વિસ્તૃત વાર્તાલાપ થયો હતો. જેમાંથી સ્વરાજ્ય અને ગાંધીજી વિશેની પ્રશ્નોત્તરીની અત્રે નોંધ કરી છે :

પ્રશ્ન : સ્વરાજ્ય મેળવવાની ઈચ્છા યોગ્ય છે ?

જવાબ : નિઃસંદેહ એવી ઈચ્છા સ્વાર્થના વિચારથી ઉત્પન્ન થાય છે, પણ વ્યવહારમાં દેશ માટે કાર્ય કરવાથી દૃષ્ટિકોણ ધીમેધીમે વિશાળથી વિશાળતર થતો જાય છે. આ રીતે માણસ દેશમાં પોતાના વ્યક્તિત્વનો વિલય સાધે છે. વ્યક્તિત્વનો આવો વિલય ઈચ્છનીય છે અને એની સાથે જોડાયેલું કર્મ નિષ્કામ સેવા છે.

પ્રશ્ન : લાંબા સંઘર્ષ અને મહાન ત્યાગ પછી સ્વરાજ્ય મળે તે વ્યક્તિએ ખુશી અને ગર્વનો અનુભવ કરવો ઉચિત છે ?

જવાબ : પોતાના કાર્યકાળમાં જેણે ઉચ્ચતર શક્તિ સમક્ષ આત્મસમર્પણ કર્યું હોય અને સતત એનું સ્મરણ કરીને પોતાના અહંકારનો વિલય કર્યો હોય, એ ગર્વ કેવી રીતે અનુભવી શકે ? એ તો પોતાનાં કર્મોના ફળની પણ ફિકર

નહિ કરે ત્યારે જ એનાં કર્મ નિઃસ્વાર્થ કહેવાય.

પ્રશ્ન : (બાબુ રાજેન્દ્ર પ્રસાદ) હું મહાત્મા ગાંધીજીની પરવાનગીથી અહીં આવ્યો છું અને હવે મારે પાછા ફરવું જોઈએ. શ્રી ભગવાન (મહર્ષિ) મને એમને (ગાંધીજી) માટે કોઈ સંદેશ આપશે ?

જવાબ : અધ્યાત્મશક્તિ એમની અંદર કાર્ય કરી રહી છે અને એમને આગળ દોરી રહી છે. એ પર્યાપ્ત છે. અધિક એની આવશ્યકતા છે ?

ટોચનાં બૌદ્ધિક અને પરમજ્ઞાની શ્રી વિમલાબહેન ઠકારે એમના એક પ્રવચનમાં એક પ્રસંગ કહ્યો હતો. 'મહાત્મા ગાંધીજીના નજદીકના શિષ્ય, ભૂતપૂર્વ બૅરિસ્ટર અને ખાદીકામના ભીષ્મપિતામહ સમા શંકરલાલ બૅંકર બાપુની અનુમતિ લઈને શ્રી રમણમહર્ષિનાં દર્શને ગયા. આ દિવસોમાં મહર્ષિ બ્રાહ્મમુહૂર્ત પહેલાં સવારે અઢી વાગ્યાથી આશ્રમના રસોઈઘરમાં કામ કરતા હતા. પછી ગૌશાળામાં ચારો દેતા. શૂન્ય અને મૌનના આયામની સદેહ મૂર્તિરૂપ મહર્ષિને આશ્રમમાં આવાં કામો કરવામાં કશી અડચણ ન હતી. શંકરલાલ અને મહર્ષિની મુલાકાત પરોઢિયે રસોઈઘરમાં ગોઠવાઈ. મહર્ષિ પોતે શાક સમારતા હતા અને બૅંકરને પણ તેમ કરવા કહ્યું, પરંતુ બૅંકર આ કામથી ટેવાયેલા ન હોવાથી વ્યવસ્થિત રીતે ન કરી શક્યા. આ જોઈને મહર્ષિ બોલ્યા, 'બાપુની સાથે રહો છો અને શાક સમારવાનુંય આવડતું નથી. પ્રભુને સુંદર કહો છો તો તમારા કામમાં સુંદરતા નથી લાવવી ?'

૨૮ સપ્ટેમ્બર, ૧૯૩૮ના રોજ કેટલાક કૉંગ્રેસી કાર્યકરો મહર્ષિની મુલાકાતે ગયા ત્યારે તેઓએ મહર્ષિને નીચેના કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા :

- ક્યાં સુધી ભારતના નસીબમાં ગુલામી છે ?
- શું ભારતના સપૂતોએ દેશની આઝાદી માટે પૂરતું બલિદાન આપ્યું નથી ?
- ગાંધીજીની હયાતીમાં શું ભારતને આઝાદી મળી જશે ?

આ ત્રણેય પ્રશ્નોના જુદા જુદા ઉત્તર આપવાને બદલે જવાબમાં શ્રીરમણમહર્ષિએ કહ્યું, 'ગાંધીજીએ ઈશ્વરને આત્મસમર્પણ કર્યું છે. તે મુજબ તેઓ નિઃસ્વાર્થ ભાવે કામ કરે છે. તેમની નજર પરિણામ પર સ્થિર થયેલી નથી, પણ જેમજેમ એ પ્રગટ થાય છે, તેમતેમ સ્વીકારતા જાય છે. દેશ માટે કામ કરનારનું આવું વલણ હોવું જોઈએ.' 'આઝાદીની ચળવળને સફળતા મળશે કે કેમ ?' જાણવાના ઈરાદાથી એક કાર્યકરે પૂછ્યું. 'આપણું કામ અપૂર્ણ હોય ત્યારે શું તેના પરિણામ વિશે આપણે ન જાણવું જોઈએ ?' ઉત્તરમાં મહર્ષિએ કહ્યું, 'રાષ્ટ્રના કામ માટે ગાંધીજીના ઉદાહરણને અનુસરો.' આમ છતાં પ્રશ્નકર્તાએ ઉત્તરનો આગ્રહ રાખતાં મહર્ષિએ કહ્યું, 'ટૂંકું વેણ છે, શરણાગતિ.'

ગાંધી સેવાસંઘના પ્રમુખ શ્રી કિશોરલાલ મશરૂવાળા તા. ૭-૫-૧૯૩૮ના રોજ શ્રી રમણમહર્ષિનાં દર્શને ગયા હતા. બન્ને વચ્ચે વિસ્તૃત સત્સંગ વાર્તાલાપ થયો હતો. જેમાંથી ગાંધીજીના સંદર્ભમાં માત્ર એક જ પ્રશ્ન કરાયો હતો. 'ગાંધીજીના શિષ્યોમાંથી જો કોઈ અયોગ્ય આચરણ કરે તો ગાંધીજીને થતું કે કોઈ મારા દોષને કારણે જ હશે. એ શું સાચું છે ?'

મહર્ષિએ જણાવ્યું, 'પોતાને પૂર્ણ બનાવતાં પહેલાં ગાંધીજીએ લાંબો સંઘર્ષ કર્યો હતો. બીજા બધા સમય આવતાં બરોબર થઈ જશે.'

ગાંધીજી યરવડા જેલમાં એકવીસ દિવસના ઉપવાસ પર ઊતરવાના છે, એવા સમાચાર છાપાંમાં જાહેર થતાં જ બે ઉત્તેજિત થયેલા યુવાનો શ્રી મહર્ષિ પાસે આવ્યા. એમણે કહ્યું, 'મહાત્મા એકવીસ દિવસ ઉપવાસ કરવાના છે. ત્યાં જઈને અમે પણ એટલા ઉપવાસ કરવાની આપની પાસે પરવાનગી માગીએ છીએ. અમે ઉતાવળમાં છીએ.' પછી તેઓ જવા તૈયાર થયા. શ્રી મહર્ષિએ સ્મિત કરતાં કહ્યું, 'તમારી આવી ભાવના છે એ સારું ચિહ્ન છે પણ અત્યારે તમે શું કરી શકશો ? ગાંધીજીએ તપસ્યાથી જે શક્તિ મેળવી છે, એ પહેલાં મેળવો, પછી તમે સફળ થશો.'

'હરિજન'માં ગાંધીજી વિશે છપાયેલો એક ફકરો તા. ૧૩-૩-૧૯૩૯ના રોજ દર્શનાર્થીઓ સમક્ષ વાંચી રહ્યા હતા. ગાંધીજી લખે છે, 'ઈશ્વરના રસ્તા કેટલા રહસ્યમય હોય છે. રાજકોટ તરફથી આ મુસાફરી મારા માટે પણ એક આશ્ચર્ય છે. હું શા માટે અને ક્યાં જાઉં છું ? એ વિશે મેં વિચાર્યું જ નથી અને ઈશ્વર મને દોરતા હોય, તો મારે શું અને શા માટે વિચારવું જોઈએ ? વિચાર પણ એના માર્ગદર્શનમાં વિઘ્ન બની શકે છે. સત્ય એ છે કે વિચારવાનું બંધ કરવા માટે પ્રયત્ન કરવો પડતો નથી, વિચારો આવતા જ નથી. ખરેખર ત્યાં કોઈ શૂન્યતા નથી. હું કહેવા માગું છું કે લક્ષ્ય (મિશન) વિશેનો કોઈ વિચાર નથી.'

ફકરો વાંચ્યા પછી મહર્ષિએ ગાંધીજીના એ શબ્દોની સચ્ચાઈ જણાવી. એક દર્શનાર્થીએ પ્રશ્ન કર્યો, 'ગાંધીજી વર્ણવે છે એ અવસ્થામાં વિચારો સ્વયં લુપ્ત થતા નથી ?' મહર્ષિએ કહ્યું, 'હા, અહંવિચાર પછી જ બીજા વિચારો પેદા થાય છે. 'હું છું' એમ અનુભવ્યા પછી તમને જગત દેખાય છે. એમને (ગાંધીજી) માટે અહંવિચાર અને બીજા બધા વિચારો લુપ્ત થયા હતા.' જિજ્ઞાસુએ પ્રતિ પ્રશ્ન કર્યો, 'તો એ સ્થિતિમાં દેહબુદ્ધિ ન હોવી જોઈએ ?' મહર્ષિએ કહ્યું, 'દેહબુદ્ધિ પણ વિચાર છે, જ્યારે એ સ્થિતિ વર્ણવતાં તેઓ (ગાંધીજી) કહે છે કે વિચારો આવતા જ નથી. વિચારો બંધ કરવા માટે પ્રયત્ન કરવો પડતો નથી, પણ વિચારો લાવવા માટે પ્રયત્ન કરવો પડે છે.' ગાંધીજીના સત્ય માટેના આગ્રહની વાત કરતાં મહર્ષિએ કહ્યું હતું, 'Satya is that which is made up of sat, again sat is nothing but the self. So gandhiji's Satya is only the Self.'

આ બન્ને મહાપુરુષોએ ગીતામાંથી ૪૨ શ્લોકોની ગીતાના સારરૂપે તારવણી કરી હતી. જેમાં આ શ્લોકોમાંથી બન્નેના નવ શ્લોક સમાન હતા. ૬-૨૯, ૯-૨૨, ૧૦-૧૦, ૧૧-૫૪, ૧૨-૧૫, ૧૩-૨૭, ૧૮-૬૧, ૬૨. શ્રીરમણમહર્ષિનું આ સંકલન 'ગીતાસાર' તરીકે તથા ગાંધીજીનું 'ગીતા પ્રવેશિકા' તરીકે ઓળખાય છે. કે સ્વામિનાથન લખે છે, 'આ બન્નેમાં જ્ઞાન, ભક્તિ અને કર્મ પર ભિન્ન રીતે ભાર મૂકવામાં આવ્યો છે.'

**(અનુસંધાન પેજ નં. ૧૯ ઉપર)**

## (૮) આધ્યાત્મિક વ્યક્તિઓનું માર્ગદર્શન

જ્યોતિબહેન થાનકી

પ્રબળ આંતરિક ઇચ્છા પછી આ માર્ગે પ્રકાશ પાથરનાર બીજું અગત્યનું પરિબળ છે, સત્પુરુષોનું માર્ગદર્શન. અંતરમાં પ્રભુનો સાક્ષાત્કાર કરવાની ઇચ્છા તો જાગી પણ ખબર નથી પડતી કે પ્રભુને મેળવવા કેવી રીતે ? એ માટેનો માર્ગ કયો લેવો ? ખરેખર પ્રભુ મળશે ખરા ? આવા પ્રશ્નો મનમાં ઊઠવા લાગે છે. કેમ કે માણસનું મન અજ્ઞાનથી ભરેલું છે. શંકા, અવિશ્વાસ, અશ્રદ્ધા એમાં રહેલાં છે. આથી કોઈ શુભ પળે મનુષ્યના અંતરમાં ભગવાન માટેની ઝંખના જાગી ઊઠે, પણ શંકાની હવા એ ઝંખનાના અગ્નિને બુઝાવી દે છે. એટલે જ જેઓ એ માર્ગે ગયા છે, જેમણે જીવનમાં ભગવાનનો સાક્ષાત્કાર કર્યો છે, એવા મહાત્માઓનું માર્ગદર્શન આપણને ખૂબ જ ઉપયોગી થાય છે, પરંતુ એમાં પ્રશ્ન એ ઊઠે છે કે આવી આધ્યાત્મિક વ્યક્તિઓને ઓળખવી કેવી રીતે ? કેમ ખબર પડે કે આ મનુષ્ય ભાગવત્ ચેતના સાથે જોડાયેલો છે ? એમણે ભગવાનનો સાક્ષાત્કાર કરેલો છે. એવી કોઈ સ્પષ્ટ બાહ્યનિશાનીઓ હોતી નથી કે જેના દ્વારા બ્રહ્મવેત્તાઓને ઓળખી શકાય. વળી, આવી આધ્યાત્મિક વ્યક્તિઓ કદી પોતાની આધ્યાત્મિકતાની જાહેરાત કરતી હોતી નથી. જ્યાં સુધી તેમને કોઈ સામે ચાલીને પૂછે નહીં ત્યાં સુધી તેઓ આધ્યાત્મિક બાબતમાં મૌન સેવતાં હોય છે. આથી, આવી વ્યક્તિઓને ઓળખવી મુશ્કેલ બની જાય છે, પણ અશક્ય તો નથી જ. જેમ સૂર્યનો પ્રકાશ છૂપો રહી શકતો નથી, ફૂલોની સુગંધને ગુપ્ત રાખી શકાતી નથી, તેમ આત્માનો પ્રકાશ પણ ગુપ્ત રહી શકતો નથી. આવા મનુષ્યોનાં વ્યવહાર, વાણી અને કાર્યોમાં દિવ્યતા સહજપણે પ્રગટ થતી જોવા મળે છે. એમના અંતરનો ભાવ, પ્રેમ, સરળતા-સહજતા, નિખાલસતા, સર્વને સ્પર્શી જતાં હોય છે. આ ઉપરાંત, તેઓ તેમની આંતરચેતનામાં એવા સ્થિર હોય છે કે બાહ્ય ઘટનાઓ તેમને વિચલિત કરી શકતી નથી. એક પ્રકારની સ્વસ્થ શાંતિ તેમની સાથે જડાયેલી હોય છે. શ્રીમાતાજી કહે છે કે પ્રભુના આગમનની પ્રથમ નિશાની એ વ્યક્તિત્વમાં ઊતરી આવતી પરમ શાંતિ છે. આવી વ્યક્તિઓના સંપર્કમાં આવનારને પણ એ શાંતિનો અનુભવ થયા વગર રહેતો નથી. આથી, જેમના સાંનિધ્યમાં શાંતિ અનુભવાય, મનનો તાપ કોઈ પણ જાતની રજૂઆત કર્યા વગર જ ઓછો થઈ જાય, અને કોઈપણ જાતનો ભાર ન લાગે, ત્યારે સમજવું કે એ વ્યક્તિ ભગવાન સાથે સંપર્કમાં છે. ભલે પછી તેનો બાહ્ય પરિવેષ ગમે તે પ્રકારનો હોય, આવી વ્યક્તિઓ આગળ આપણી સમસ્યાઓ, મૂંઝવણો, શંકાઓ રજૂ કરવાથી જ ઉકેલ મળી આવે છે, તે આપણા આંતરવિકાસને અનુરૂપ જ હોય છે. ભગવાનની ચેતના સાથે તેમનો સંપર્ક હોવાથી એ દિવ્યચેતના આપણા માટે જે ઉકેલ યોગ્ય હોય તે તેમના દ્વારા આપે છે. તો પ્રશ્ન એ થાય છે કે ભગવાન આપણને શું સીધેસીધો ઉકેલ ન આપી શકે ? હા, જરૂર

આપી શકે, પણ હજુ આપણો ભગવાન સાથે સીધો સંપર્ક થયો નથી, એટલે આપણને ખબર પડતી નથી કે આ ભગવાને આપેલો ઉકેલ છે કે પછી આપણા મનનો કોઈ વિચાર છે. આપણી એ ભૂમિકા નથી એટલે બધું ભેળસેળ થઈ જાય છે અને પછી ચોક્કસ પરિણામ આવતું નથી. પણ જેઓ એ ભૂમિકામાં સ્થિર છે, એમના સંપર્કમાં આવવાથી, એમની પાસે માર્ગદર્શન મેળવવાથી આપણને સાચો રસ્તો મળી જાય છે. એકવાર પણ જો અંતરમાં રહેલા ભગવાન સાથે આપણો સંપર્ક થઈ જાય પછી બહારના માર્ગદર્શનની જરૂર પડતી નથી.

બીજું, જેમણે એ રસ્તો જોયો છે, જેઓ તેના પર ચાલીને પોતાના લક્ષ્યાંકે પહોંચ્યા છે, તેઓ જ કહી શકે કે આ માર્ગમાં કયા કયા પ્રકારની મુશ્કેલીઓ અને જોખમો રહેલાં છે. તેને પાર કરી સહીસલામત રીતે લક્ષ્યાંકે કેવી રીતે પહોંચવું તેનું માર્ગદર્શન પણ તેઓ જ આપી શકે. આથી જ આપણા શાસ્ત્રોમાં આધ્યાત્મિક સાધનામાં જ્ઞાની ગુરુની આવશ્યકતા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. સાચા ગુરુ ખૂબ ઝડપથી આ માર્ગે લઈ જઈ શકે છે. તેઓ શિષ્યોનાં કર્મોનાં બંધનોને ખૂબ ઝડપથી તોડી શકે છે. નારદમુનિએ લુટારાના અજ્ઞાનનાં પડળોને દૂર કરી તેને ઋષિ વાલ્મિકી બનાવ્યો. મનુષ્યોને મારીને તેની આંગળીઓને માળા બનાવીને પહેરનારો ક્રૂર હસ્તારો અંગુલિમાલ બુદ્ધના સાંનિધ્યથી ભિક્ષુ બની ગયો. ચૈતન્ય મહાપ્રભુના સંગથી ડાકુઓ જગાઈ-મધાઈ સાધુઓ બની ગયા. આવાં અસંખ્ય ઉદાહરણો એ સ્પષ્ટ કરે છે કે સાચા સંત કે મહાત્માના સંપર્કથી ક્રૂરમાં ક્રૂર ગણાતા, પાપીમાં પાપી એવા મનુષ્યોના અંતરમાંથી દિવ્યતા જાગી ઊઠે છે. સંત મહાત્માઓનું સાંનિધ્ય ગમે તેવા મનુષ્યને પણ પરમાત્મા પાસે લઈ જઈ શકે છે. કેમ કે તેમણે તપશ્ચર્યા કરી, એમનો સાક્ષાત્કાર કર્યો છે, એમની દિવ્યતા સાથે અનુસંધાન કર્યું છે, તેથી, તેઓ હવે પ્રભુના એજન્ટ બની ગયા છે. દિવ્યતાની નહેર બની ગયા છે. એમના દ્વારા દિવ્યતા સતત વહેતી રહે છે. તેથી, જેઓ જાગૃત છે, જેમને ઉચ્ચ જીવનની આકાંક્ષા છે, તેમને તેમની સહાય મળતી જ રહે છે.

'ચાલો ભગવાનને મળવા જઈએ', સાતમી આ., પૃ. ૭ ❑


**॥ હરિઃૐ ॥**

**પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા**

**"જીવન સાર્થકતાની કેડીએ"**

**ભાગ-૧ અને ભાગ-૨**

**હવે હરિઃૐ આશ્રમ, સુરત દ્વારા પ્રકાશિત કરાઈ છે. ભાગ-૧માં લગભગ ૪૦૦ પૃષ્ઠ છે અને ભાગ-૨માં પણ તેટલાં જ પૃષ્ઠ છે. બંને ભાગની કિંમત રૂ. ૧૫૦ છે.**

**સંપર્ક : હરિઃૐ આશ્રમ, સુરત, જહાંગીરપુરા, રાંદેર. સુરત - ૩૯૫૦૦૫.**

**ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. ૯૭૨૭૭ ૩૩૪૦૦** **- સંપાદક**

# (૯) ગુરુને છેતરવા નહિ

સાધનાના માર્ગમાં જ્ઞાનપૂર્વક રજથીયે રજ થવાની જરૂર છે. નમ્રતા તો શૂન્યતાનીયે પાર થાય, તે ઘણું જ જરૂરનું છે.

નમ્રતા એટલે પોતે કશું જ નથી - એકમાત્ર શ્રીભગવાન જ છે, એવી નિષ્ઠાપૂર્વકની જ્ઞાનયુક્ત ભાવના. તે વિના આપણું સાધનાનું કામ કદી પાકી શકવાનું નથી. માટે, જે તે આ માર્ગનું લખવાનું બન્યા કરે, તેનું તેવું યથાશક્તિ, પ્રેમભક્તિથી, હૃદયથી પાલન કરતા રહેવું.

પોતે ગુરુ કર્યા છે, પરંતુ હૃદયમાં તો શું, પણ મનમાં પણ ગુરુની જ્ઞાનભક્તિપૂર્વકની ભાવના અને તે પણ પોતાના જીવનવિકાસની ભાવનાને કેળવવાને માટે - જીવ જો રાખી શકતો નથી અને જો તેવો જીવ પોતાના શ્રેયની વાત કરે તો એવી વાતો તો ગુરુને છેતરવા બરાબર છે. જોકે તેમાં ગુરુને તો કશુંયે નથી, કારણ કે તે તો કોઈ જાતની કોઈ કશા પરત્વે આકાંક્ષા સેવતો હોતો જ નથી. એટલે એને ક્યાંયે છેતરાવાપણું રહેતું નથી, પરંતુ આ પ્રકારના જીવો તો પરમ અપરાધને પાત્ર છે, એ નક્કી જાણવું.

વળી, આ સાધનાનું કાર્ય તો ઘણું ઘણું અઘરું અને મુશ્કેલ છે અને તેવું તો અમારાથી ન બની શકે એવી વૃત્તિ સેવવી કે કરવી અને મોઢેથી તેમ વદવું તે સાધકને કાજે તદ્દન અહિતકારી છે. માટે, તેવી વૃત્તિનો તો સવેળા જેટલો વહેલો ત્યાગ કરી શકાય તેટલું સાધકને કાજે ઉત્તમ હકીકત છે.

આપણું બોલવું, આપણું વર્તવું, બેસવું, ઊઠવું, ચાલવું અને સકળ કંઈ કર્મ કરવાં, એવું બધું સર્વ કંઈ જે તે આપણા જીવનવિકાસને યોગ્ય છે કે કેમ, તેની સમજ આપોઆપ સાધકને પડી જતી હોવી ઘટે. તો જ તેનો બચી શકવા વારો આવી શકે.

'કોઈએ આમ કહ્યું અને કોઈએ તેમ કહ્યું.' જો તેમાં જ જીવ અટવાઈ જાય, મૂંઝાઈ જાય, લેવાઈ જાય, અકળાઈ જાય, અશાંત થઈ જાય, દુઃખી દુઃખી થઈ જાય તો હજી એનામાં અહંતા ભરી પડેલી છે તેમ જાણવું, કારણ કે તેની અહંતાને તેવા પ્રકારના આઘાત લાગે છે. તેથી કરીને તેને તેવી તેવી લાગણી થાય છે. સર્વ પ્રસંગો પોતાને વધારે જાગૃતિમાં જીવવા અને પ્રેરવવા કાજે બન્યા કરતા હોય છે, એવું જ્ઞાન જ્યારે સાધકના દિલમાં પ્રગટે છે ત્યારે બનતા જતા સર્વ પ્રસંગોમાં પોતાના જીવનને ઘડવા કાજેનો શ્રીપ્રભુની પરમ કૃપાનો સૂક્ષ્મ હાથ રહેલો તે અનુભવે છે.

એવો અનુભવ થતાં સ્થૂળ રીતે જણાતા એવા કારમા કારમા પ્રસંગોમાં પછીથી સાધકનું મન જીવદશાની સમજણથી કદી પણ દોરવાઈ જતું નથી. જે જીવ જાગે છે તે તો જાગવાની સમજણથી જે તે બધું સમજતો હોય છે, જોતો હોય છે. માટે, આપણે તો જે તે બધું જાગી જાગીને જ જોવાનું છે અને તે સમજણ પ્રમાણે વર્તવાનું છે.

**જે જીવ જીવનને ચાહે છે, તેને ઘણું ઘણું અધિક હૃદયમાં ચાહું છું. જીવનવિકાસ કાજે હૃદયની લગની લાગે એટલે બસ મારું કામ પાક્યું એમ શ્રીપ્રભુકૃપાથી ગણું.** તેથી, સત્સંગનો જ્ઞાનપૂર્વકનો નિરંતર અભ્યાસ જરૂરનો છે, પરંતુ જીવને જીવ પ્રકારની વૃત્તિઓનો અભ્યાસ છે. તેથી, તેમાં એકદમ કંઈ શ્રીભગવાનના ચેતન પરત્વેના સંસ્કારનો ઉદય કઈ રીતે થઈ શકે ?

મેલાં કપડાંને બરાબર રંગ ચડી શકતો નથી. પહેલાં એમાંનો બધો મેલ કાઢી જ નાખવો પડે છે. એમ તો સ્થૂળ રીતે જાતે રંગરેજ છુંને ? રંગવાનું કામ મળેલું હતું. શ્રીપ્રભુની કૃપાથી અમને તો જે એની મેળે તે કામ કાજે મળે તેમના અંતર રંગવાનું કામ ઘણું ઘણું ગમે છે.

'જીવનસોપાન', બી.આ., પૃ. ૨૧૪ ❑

# (૧૦) શ્રેયસાધક શ્રી નંદુભાઈના સાંનિધ્યમાં

મનુ પંડિત

આ દિવસોમાં એક બીજું પણ મહાપર્વ ઊજવાયું અને તે હતું ગાંધીજયંતીનું. બાપુ હયાત હોત તો આ તેમને માટે ૧૨૫મું વર્ષ બની રહેત. તેમણે ઉપનિષદના ઋષિની જેમ સદા સવાસો વર્ષ પૂરાં કરવાની પ્રાર્થના કરી હતી. આજ સુધી અમે અમારા આશ્રમોમાં ગાંધીજયંતીને એક વિશિષ્ટ પર્વ તરીકે મનાવતા આવ્યા છીએ. એ દિવસે બાપુના કોઈ અંતેવાસીની છાયામાં બેસી તેમની અખંડ સત્યસાધનાનાં સંસ્મરણો સાંભળી, નવા વર્ષનું આયોજન કરતા.

આ વર્ષે આ દિવસોમાં અમે સત્યાગ્રહ આશ્રમ, સાબરમતીના જૂના આશ્રમવાસી અને પૂજ્ય મોટાના સાથી અને અંતેવાસી, પરમ સાધક શ્રી નંદુભાઈની છાયામાં થોડા કલાક ગાળવાનો વિચાર કર્યો હતો. તેઓ નડિયાદ આશ્રમની વ્યવસ્થામાંથી મુક્ત થઈ છેલ્લાં વર્ષોથી વલ્લભવિદ્યાનગરમાં એકાકી રહી સાધક જીવન વિતાવે છે. ઘણાં વર્ષો પછી તેમને મળવાનું થયું. તેમને મળવામાં શિસ્તપાલન અને સમય એ બે મોટા ચોકીદારોને સાવધ કરીને જ મળી શકાય.

નેવું વર્ષે પણ ઊંચો ગૌરવર્ણો અડગ દેહ, ખડક જેવી નિશ્ચલતા છતાં મૃદુ, મનોહર નિર્મલ સ્નેહ નીતરતાં ચક્ષુ, કમર સુધીની લુંગી, ઉપરનો ભાગ ખુલ્લો, ગળામાં ખ્રિસ્તી મિશનરીઓના ક્રોસની જેમ લટકતો મેગ્નિફાઈંગ ગ્લાસ. પ્રણામ કરતાં જ એમના સ્નેહભાવે મને ભીંજવ્યો. થોડીવારમાં તેઓ ટપાલ કર્મથી પરવારી તેમની, અગાશીના વરંડામાં આવેલ, પૂર્વાભિમુખ, બાહ્ય પાટ ઉપર મને આવકાર્યો.

તેમને મળવા જતાં પૂર્વે તેઓએ મને ભેટ મોકલેલ બે પુસ્તકો – 'આશ્રમની અટારીએથી' અને 'જ્યૉર્જ વૉશિંગ્ટન કારવરની જીવનકથા' હું વાંચી ગયો હતો. બન્નેની ધરતી જુદી પણ ધાવણ સરખાં. હરિઃૐ આશ્રમ પ્રેરિત જીવનવિકાસલક્ષી સાહિત્યથી હું કંઈક પરિચિત હતો. તેની પાછળ મુખ્ય ફાળો નંદુભાઈનો હતો એ પણ હું જાણતો હતો. એમાં એમના સ્વભાવનું એક કિરણ આ રીતે પ્રકાશેલું દેખાય છે : 'ગુણવિકાસ અને ભાવવિકાસ પ્રેરક શિષ્ટ સાહિત્ય ભેટ આપવાનો વ્યાસંગ મેં લાંબા સમયથી કેળવ્યો છે.' હું પણ આવા ગુરુજનોને પગલે ચાલવાનો નમ્ર પ્રયાસ કરું છું એ જાણતાં તેમનો સવિશેષ આનંદ ઝળકી ઊઠ્યો.

શરૂઆતનો એકાદ કલાક બાપુના આશ્રમનાં અને પૂ. મોટાનાં સ્મરણો તાજાં કરવામાં ગાળ્યો. ત્યાં તેમને થોડોક આરામ કરવાની જરૂર લાગતાં (પગે સહેજ સોજા આવ્યા હતા) મેં જ મારી રીતે ગુજરાતની રચનાત્મક સંસ્થાઓની વાત કરી, તેઓએ સૂતાં સૂતાં, પગ ઊંચા રાખી સાંભળી. સ્વસ્થ થતાં ઊભા થઈ તેઓએ સ્વયં લીંબુનું પેય બનાવી એ ગરમ પેય અને સુખડીનો અલ્પાહાર કરાવ્યો. તેમનું રસોડું અને રૂમ ભરચક છતાં અત્યંત વ્યવસ્થિત. જીવનમાં વ્યવસ્થિતતા ઊતર્યા

સિવાય આવી વ્યવસ્થા બાહ્યફલકમાં ભાગ્યે જ જોવા મળે. તેમના બન્ને ખંડો જાતજાતનાં પુસ્તકોની અલમારીઓથી શોભતા હતા. એમને માટે એ કેવળ વાચન સામગ્રીરૂપ પુસ્તકો જ નહોતાં, પરંતુ ગુજરાતના અગ્રણીઓનું સંતસાહિત્ય, ધર્માધિકારીઓનું ચિંતન, શિક્ષણ અને સમાજ હિતચિંતકોના સમાજના વિવિધક્ષેત્રના પ્રયોગો, તો કવિઓની નવી પ્રસાદીરૂપ સ્તવનો પણ હતાં. અરવિંદ-માતાજીની તાજી પ્રસાદીના તેઓ ચાહક હતા અને પૂજ્ય મોટાના સાહિત્યના તો તેઓ માર્ગદર્શક હતા જ. ડૉ. રમેશ ભટ્ટ આ સંદર્ભમાં અમારી મુલાકાતને આગલે દિવસે જ મળી ગયેલા. એ ચિંતનનો લાભ પણ અમને મળ્યો.

બાહ્ય રીતે તેઓ સંસ્થાથી નિવૃત્ત થયા, છતાં પૂજ્ય મોટાના જીવનસંદેશથી એકત્ર હતા. પોતાની આ સાધના કુટિરમાં બેઠે બેઠે, નિર્લેપ અને અનાસક્ત ભાવે સઘળું માર્ગદર્શન આપતા રહેતા. ગુજરાતમાં હરિઃૐ આશ્રમે નવી પેઢીના વિકાસમાં જે અજ્ઞાત રીતે ફાળો આપ્યો છે, તે તો કોઈ સંશોધનનો વિષય જ બની શકે, પરંતુ સ્થૂળ આંકડાની રીતે જોઈએ તો દૂર દૂર જ્યાં શિક્ષણનો સદંતર અભાવ હોય, બાળકોને બેસવાની કોઈ સગવડતા ન હોય, ઓરડા બાંધવામાં અને અન્ય શૈક્ષણિક અને ઈતર સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાછળ છેલ્લાં ૧૬ વર્ષમાં છ કરોડ, છ્યાશી લાખ, છોંતેર હજાર, પાંચસો તેંતાળીસ રૂપિયાની સહાય પહોંચાડી છે ! આવા એક સંતપુરુષની સાધના અને તેમના વારસાને જે થોડા આપ્તજનો ઉજાળી રહ્યા છે, તેમાં નંદુભાઈનો ફાળો ઓછો કેમ માની શકાય ?

આટલું મોટું કામ થયું હોવા છતાં પોતે તો સાવ નિર્લેપ ! નિરલસતા અને અહમ્ નિરસન, તેમની હૃદયગંગામાંથી ઝરતા શબ્દો આપણને પુનિત કરી સાધકને કામની એક દિશા દર્શાવતા હતા.

આજકાલ વૃદ્ધજનો અને વૃદ્ધત્વ તરફ સમાજ સહૃદયતા ને સમતાભાવથી જોવા લાગ્યો છે. વૃદ્ધ વડીલોની પાસે બેસી તેમની જીવનકથા સાંભળવાનો અમને પણ એક રસ છે, તેમાં આપણી સંસ્કૃતિનો જીવનપથ વાંચવા મળે છે.

પૂ. નંદુભાઈની મુલાકાત પૂરી કરી, ત્રણ કલાકને અંતે તેમનાથી છૂટા પડતાં તેમની પાસેથી સાધનાનો એક નાનકડો મંત્ર લઈ હું છૂટો પડ્યો. તેમણે સમજાવ્યું કે,

માણસમાત્રમાં વિવિધ શક્તિઓ પડેલ હોય છે. તેની સર્વશક્તિઓ એકાગ્ર થાય અને તેમાંથી કાર્ય કરવાનું જોમ પેદા થાય, એ સાધના માટે જ નહિ જીવનના કોઈપણ ક્ષેત્રમાં વ્યક્તિના વિકાસ માટેનું એ પ્રથમ સોપાન છે. ગુણ અને ભાવવિકાસ ખીલવી, એ પ્રવેશદ્વારેથી જે પ્રવેશે છે તેને માટે જીવન્મુક્તિનાં સોપાન સહજ આવી મળતાં હોય છે.

ઈશ્વરનું, શાંતિનું વાદ્ય બનવા માટે આપણને પણ તે વરો, મળો એ આ નવા વર્ષની પ્રાર્થના હો !

'ગાંધીયુગના શીલધર્મી કર્મવીરો', પૃ. ૧૯ ❑

## (૧૧) હું ગાંડો ન થાઉં તો શું કરું ?

**શ્રીદાસાનુદાસ**

મારું સતત ચિંતન કરે ત્યાં હું ગાંડો ન થાઉં તો શું કરું ? રાધા તો પ્રેમવશ થઈને મને ગાળો દેતી. પ્રેમમાં તો તુંકારો મીઠો લાગે. વહુને તુંકારો કરવાનો હક છે. સમર્પણ કરે તેને તો ગાળો દેવાનો પણ હક છે. જીજાબાઈ લાકડી લઈને દોડેલાં. 'મૂઆ મેલ્યા વિઠ્ઠલ' કહીને મારવા દોડ્યાં. ભગવાને કહ્યું, 'બસ કર.' એમ કહીને પણ દર્શન આપવા પડ્યા. તુકારામની પહેલાં જીજાબાઈને દર્શન થયાં.

અર્જુન કહે છે કે નથી સાંભળવું. છતાં ભગવાન કહે છે કે હું બોલીશ. અર્જુન કહે છે કે સાંભળવાનું મન નથી છતાં સંભળાવો.

આ સાત્ત્વિક ભાવ છે. કૃષ્ણ 'રાધે, રાધે' કહીને એકવાર સાત્ત્વિક ભાવમાં રડવા લાગ્યા. રુક્મિણીને બહુ ચીડ ચડે. 'શું હું સ્વરૂપવાન નથી કે આ રાધાનું જ ચિંતન કરે.' એકવાર આસો માસની પૂનમ હતી. ભગવાન રુક્મિણીની સાથે યમુનાતીરે ફરવા ગયા. ગોપીઓ પણ આવેલી. ભગવાને રાધાને વિવેક કર્યો–ચાલ, અમારી સાથે. રાધા પણ આવી. બધાંને ખૂબ આનંદ થયો. રુક્મિણીને મનમાં ચીડ ચડી. આ રાધા, તેનામાં વળી કયું એવું રૂપ છે. સ્ત્રીઓમાં સ્વાભાવિક રીતે જ ઈર્ષ્યાનો ભાવ હોય. પોતાના સિવાય બીજી સ્ત્રીની સાથે પુરુષ વાત કરે કે સ્ત્રી પૂછે કે 'તમે શું વાત કરતા હતા ?' રુક્મિણીના મનમાં થયું કે લાગ મળે તો આ રાધાને ઠેકાણે કરું.

તેને એવો લાગ મળ્યો. કૃષ્ણે તેને કહ્યું કે રાધાને દૂધ આપ. રાધાને માટે રુક્મિણીએ એકદમ ગરમ દૂધ તૈયાર કર્યું. મનમાં ચિડાતી જાય કે 'આ તમારી પ્રેયસી, તેને મારે દૂધ પાવાનું, કેમ ? રુક્મિણી જ્યારે રાધા પાસે દૂધ લઈને ગઈ ત્યારે રાધા તો ભાવમાં હતી. રુક્મિણીએ ગરમ ગરમ દૂધ તેની પાસે મૂક્યું. 'ભગવાને તમને આ દૂધ મોકલ્યું છે, જલદી પી લો.' રાધા શું બોલી ? કશું જ નહિ. તે તો એકદમ પી ગઈ. રુક્મિણી તો જોઈ જ રહી. રુક્મિણીના મનમાં કે રાધાનું ગળું દાઝી જશે પણ કંઈ ન થયું.

રાત્રે ભગવાન શયનખંડમાં સૂતા હતા. રુક્મિણી જેવી પગ ચાંપવા જાય કે ભગવાને અરર કર્યું. રુક્મિણીએ જોયું તો ભગવાનના પગે દાઝ્યાના ફોલ્લા પડેલા. રુક્મિણીએ પૂછ્યું, 'અરે, તમારા પગ પર દાઝ્યાના ફોલ્લા ક્યાંથી ?

આટલું બધું દાઝી ગયા છતાં તમે વાત પણ નથી કરતા ? ક્યારે દાઝ્યા ? કૃષ્ણે કહ્યું, 'તેં મારા પગ પર ગરમ દૂધ રેડ્યું.' 'તમે મને બનાવો છો. મેં ક્યારે દૂધ રેડ્યું ?' રુક્મિણી બોલી. 'કેમ ? તેં રાધાને ગરમ દૂધ નહોતું આપ્યું ? રાધા તે પી ગઈ. તેના હૃદયમાં મારા ચરણ સિવાય બીજું કશું નથી.'

કૃષ્ણે રુક્મિણીને સમજાવ્યું. ભક્તનું સંકટ પોતા પર લઈ લીધું. રુક્મિણીએ દ્વેષ કર્યો તો દ્વેષનાં ફળ ભોગવવાં પડ્યાં. કૃષ્ણે બતાવ્યું કે ઈર્ષાનો ભાવ ખોટો છે. આ પછી રુક્મિણીએ કદી રાધાનો વિરોધ ન કર્યો.

રુક્મિણીને એકવાર અર્જુન પર પણ દ્વેષ થયેલો. આખો દિવસ 'અર્જુન, અર્જુન,' કર્યા કરો છો તે એ તમારો મહાન ભક્ત છે ? કૃષ્ણ અને અર્જુન તો મામાફોઈના ભાઈઓ હતા. સાળાબનેવીનો પણ સંબંધ. કૃષ્ણે રુક્મિણીને કહ્યું કે અર્જુન મારો સાચો ભક્ત છે. કૃષ્ણ રુક્મિણીને લઈને હસ્તિનાપુર આવ્યા. અર્જુન નાહીધોઈને શયનખંડમાં સૂતેલો. કૃષ્ણ તો રુક્મિણીને લઈને ગયા સીધા અર્જુન પાસે. ચાલ, આપણે અર્જુનનાં દર્શન કરીએ. રુક્મિણીને થયું કે હું પાસે છું છતાં ભાવ નથી. કૃષ્ણ તો અર્જુનના પલંગની પાસે નીચે બેસી ગયા. અર્જુનના લાંબા વાળ નીચે લટકતા હતા. ભગવાન પોતાના દુપટ્ટાથી તેના વાળ કોરા કરવા લાગ્યા. રુક્મિણીને તો ખૂબ ચીડ ચડી. ત્યાં તો ભગવાને તેને કહ્યું કે તું પણ આ વાળ કોરા કર. રુક્મિણી મનમાં બબડવા લાગી કે મારે શું આવું કામ કરવાનું ? પણ ભગવાનની આ એક લીલા હતી. ભગવાને રુક્મિણીને પાસે બેસાડીને અર્જુનના વાળ તેના હાથમાં આપીને કહ્યું કે તારા પાલવથી તેને સાફ કર. સાક્ષાત્ લક્ષ્મી ભક્તને ત્યાં દાસી બની. રુક્મિણીએ જેવા વાળ હાથમાં લીધા તો તેને કંઈક ધીમો અવાજ સંભળાયો. કૃષ્ણે તેના કાન પાસે વાળ લઈને કહ્યું, સાંભળ વાળમાંથી 'કૃષ્ણ, કૃષ્ણ' એવો નાદ આવતો હતો. કૃષ્ણે રુક્મિણીને કહ્યું કે જેના રોમરોમમાંથી કૃષ્ણ, કૃષ્ણ અવાજ આવે એવા ભક્તનું હું રટણ ન કરું તો કોણ કરશે ?

'પ્રેમયોગ', બી.આ., પૃ. ૪૬ ❑

**(અનુસંધાન પેજ નં. ૧૨ નું ચાલુ)**

હરિન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયે ગાંધીજીના અવસાન બાદ શ્રીરમણમહર્ષિને ગાંધીજીનો ફોટો બતાવીને કહ્યું હતું, 'એ દુર્ભાગ્યની વાત છે કે તમે અને ગાંધીજી ક્યારેય મળી શક્યા નહીં.' ગાંધીજીને એમના મૃત્યુનો અણસાર આવી ગયો હતો એવી વાત નીકળતાં શ્રી રમણમહર્ષિએ કહ્યું હતું, 'હા, એ સાચું છે. શું પ્રબુદ્ધ લોકોને એટલો સંકેત પણ ન મળે ? તેઓ જાણે પણ બીજાને કહે નહીં.' ગાંધીજીના મૃત્યુ બાદ એક વર્તમાનપત્રના ખબરપત્રીએ આ દુઃખદ બનાવ વિશે શ્રીરમણમહર્ષિનો મત જાણવા માગ્યો ત્યારે મહર્ષિએ રૂંધાયેલા કંઠે કહ્યું, 'ગાંધીજીના આ રીતના અવસાનથી બધાંને દુઃખ થયું છે. તો પછી તેમાં વિશેષ હું કઈ રીતે કહી શકું ? કોણ એવું છે કે આ ઘટનાથી શોકમગ્ન ન થયું હોય ? જો હું કંઈક કહીશ તો તે તમે છાપશો અને પછી લોકો મને પૂછવા આવશે કે આમાં સાચું શું હતું ?'

ગાંધીજીના મૃત્યુની વાત કરતાં દર્શનાર્થીઓ સમક્ષ શ્રીરમણમહર્ષિએ કહ્યું હતું, 'રાવણનો વધ કર્યા પછી રામે પાછા વૈકુંઠમાં જવાનું હતું તે યાદ કરાવામાંય આવે છે અને વૈકુંઠમાં પાછા ફરવા વિનંતી કરે છે. ઉત્તર રામાયણમાં આવી વાત આવે છે. ભગવાન કૃષ્ણ કામ પૂરું થયા પછી પારધીના બાણથી વીંધાઈને સ્વધામ પાછા ફર્યા. આ રીતે ગાંધીજીને પણ સ્વરાજ આવ્યા બાદ એમનું કામ પૂર્ણ થતાં પાછા મોકલી દેવામાં આવ્યા છે.' ❑

## ‘હરિવાણી ટ્રસ્ટ’ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | કંદર્પ બ્રહ્મભટ્ટ : પૂ. પિતાશ્રી ગજેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટના ૮૪મા જન્મદિન નિમિત્તે (જ્ઞાનદાન) | વડોદરા | ૧૧,૦૦૦/- |
| ૨. | કૃષ્ણકાંત જે. પટેલ | અમદાવાદ | ૨,૫૦૦/- |
| ૩. | જગદીશભાઈ પ્રભુદાસ ધજીયા | અમદાવાદ | ૨,૫૦૦/- |
| ૪. | અજયભાઈ ઉપેન્દ્રભાઈ પુરોહિત | વડોદરા | ૨,૦૦૦/- |
| | પૂ. માતુશ્રી કોકિલાબહેનના ૮૪મા જન્મદિન (૭-૯) નિમિત્તે | | |
| ૫. | સુમંતરાય ઠાકોરભાઈ દેસાઈ | સુરત | ૧,૬૦૦/- |
| ૬. | નરેશભાઈ એચ. જાની | ભાવનગર | ૧,૧૧૧/- |
| ૭. | સુભાષ પુષ્પકાંત પટેલ | અમદાવાદ | ૧,૦૦૧/- |
| | પૂ. પિતાશ્રી પુષ્પકાંત જાદવભાઈ પટેલની પુણ્ય સ્મૃતિમાં ભેટ | | |
| ૮. | અર્પિતા એન. શાહ : પૂ. શ્રીમોટાના જન્મદિન (૪-૯) નિમિત્તે | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૯. | ઈલાબહેન ભીખાલાલ શાહ | અમદાવાદ | ૬૦૦/- |
| ૧૦. | પ્રતિકકુમાર ડી. થાવર : જન્મદિન (૨૪-૯) નિમિત્તે | અમદાવાદ | ૫૦૫/- |
| ૧૧. | હિના કુકડેજા | ભાવનગર | ૫૦૧/- |
| ૧૨. | ગુણવંતરાય ભુંગરીયા | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૩. | શાલ્મી ભરત ઠાકોર : દિકરી કરિશ્માના જન્મદિન (૨૪-૧૦) નિમિત્તે | નરોડા | ૫૦૧/- |
| ૧૪. | ભરત હસમુખલાલ જોગી | સુરત | ૫૦૧/- |
| ૧૫. | ચંદ્રિકાબહેન જે. ઠક્કર : લક્ષ્મીમાતાના વ્રત નિમિત્તે | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૬. | જાગૃતિ જોલીન ઠાકોરના જન્મદિન (૨૯-૮) નિમિત્તે | સીડની | ૫૦૦/- |
| ૧૭. | જનક ચંદ્રકાંત રાજગુરુના જન્મદિન (૨૯-૮) નિમિત્તે | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૮. | શ્રીમતી દક્ષાબહેન ચંદ્રકાંત રાજગુરુ : પૂ. શ્રીમોટાનાં જન્મદિન (૪-૯) નિમિત્તે | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૯. | નલિનીબહેન ગમનલાલ ગાંધી | સુરત | ૫૦૦/- |
| ૨૦. | સુશીલાબહેન બળદેવપ્રસાદ મહેતા | અમદાવાદ | ૫૦૦/- |
| | સદ્‌ગત શ્રી બળદેવપ્રસાદના શ્રાદ્ધ નિમિત્તે | | |
| ૨૧. | નિર્મળાબહેન નટવરલાલ વાંકાવાળા | સુરત | ૩૦૦/- |
| ૨૨. | મંદાબહેન મનોજકુમાર તમાકુવાળા | સુરત | ૨૫૧/- |
| ૨૩. | ઈલાબહેન મનહરભાઈ પટેલ | લવાછા | ૨૦૨/- |
| ૨૪. | ભરતભાઈ મનહરભાઈ પટેલ | લવાછા | ૧૦૧/- |
| ૨૫. | મનિષભાઈ નીતિનભાઈ પટેલ | ડિહેન-ચોરસીયા | ૧૦૧/- |
| ૨૬. | હનીકુમારી રાજેશ પટેલ | ભટલાઈ-સુરત | ૧૦૧/- |
| ૨૭. | જયેશકુમાર મનહરભાઈ પટેલ | લવાછા | ૧૦૧/- |
| ૨૮. | રંજનબહેન મનહરભાઈ પટેલ | લવાછા | ૧૦૧/- |
| ૨૯. | જયકુમાર રાજેશભાઈ પટેલ | ભટલાઈ, સુરત | ૧૦૧/- |
| ૩૦. | સોમીબહેન પ્રભુભાઈ પટેલ | લવાછા | ૧૦૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.** **-સંપાદક**

# (૧૨) પૂ. શ્રીકેવલાનંદજીનાં સંસ્મરણો

રામાનુજ પાઠક

પૂજ્ય શ્રીકેવલાનંદજી મહારાજ અમદાવાદના રાયપુરમાં શ્રી ચંદુલાલ ભાવસારને ત્યાં પધારેલ હતા. રાત્રિનો સત્સંગ જામેલો હતો. (પાછલાં વર્ષોમાં જેમ અલગ અલગ ભજન મંડળીના ભજન થતા એમ તે સમયે ભજન થતા નહિ. ક્વચિત્ કોઈ ભક્ત એકાદ ભજન ગાય અથવા મહારાજશ્રી પોતે ગાય. મોટેભાગે સત્સંગ જ થતો) આ ચંદુલાલ પાછા નડિયાદ હરિઃૐ આશ્રમના પૂજ્ય શ્રીમોટાના પરમ ભક્ત. લગભગ રાત્રિના બારેક વાગ્યા હશે અને ચંદુલાલ કહે, 'મહારાજ, નડિયાદ પાસે શેઢી નદીના કાંઠે મોટા તરીકે ઓળખાતા સંતનો આશ્રમ છે અને તે પણ ધૂણીવાળાદાદાના શિષ્ય થાય. તમે ઓળખો છો ?' પૂજ્ય શ્રીશ્રીકેવલાનંદજી મહારાજ તો દાદાજીનું નામ સાંભળતા જ ચંદુલાલની વાતમાં કેંદ્રિત થઈ ગયા. 'દાદા કા ચેલા ? નડિયાદ મેં હૈ ? મેરે દાદા કા ચેલા...ઉસકો મિલને કે લિયે જાના પડેગા... ચંદુ ચલ' આમ બોલતાં બોલતાં તો પૂજ્ય શ્રીકેવલાનંદજી મહારાજ ઊભા થઈ ગયા. દર્શને આવેલ ભક્તો તો રઘવાઈ ગયા. ચંદુલાલ પણ મનમાં ને મનમાં કસમયે વાત કરવા બદલ પસ્તાઈ રહ્યા. પણ આ તો કમાનમાંથી તીર છૂટી ગયું. ચંદુલાલે રોકવા માટે પ્રયત્ન કરતાં કહ્યું, 'બાપજી, અત્યારે નડિયાદ જવાનું કોઈ સાધન ના મળે અને આશ્રમ પણ બંધ હોય અને મોટાનાં દર્શન પણ સવાર વગર નહિ થાય, આપણે સવારે જઈશું.' પણ મહારાજશ્રી માટે તો એક જ લક્ષ્ય હતું... 'મેરે દાદા કા ચેલા..ઉસકો મિલને કા' એ તો ઘરની બહાર નીકળી ગયા અને ચાલવા લાગ્યા. સિદ્ધ મહાત્મા પાસે કોઈ લક્ષ્ય આવી જાય પછી તે પ્રાપ્ત ના થાય ત્યાં સુધી તેઓનું ધ્યાન બીજા કોઈ કાર્ય પ્રતિ ખેંચાતું નથી. ચંદુલાલને હવે કોઈ આરો નહોતો. પડશે એવા દેવાશે એમ વિચારી મહારાજશ્રી સાથે ગીતા મંદિરના મુખ્ય બસ સ્ટૅન્ડે આવ્યા. રાત્રિએ કોઈ બસ હોય નહિ એટલે ટૅક્સી સ્ટૅન્ડથી નડિયાદ હરિઃૐ આશ્રમ જવા ટૅક્સીમાં બેઠા. (આ એ સમયની વાત છે જ્યારે શહેરમાં મુખ્ય બસ સ્ટૅન્ડ અને રેલવે સ્ટેશન પાસે કાળા અને પીળા કલરની એમ્બેસેડર ટૅક્સીઓ જ ઊભી રહેતી) નડિયાદ-મહેમદાવાદ રોડ પર મુખ્ય રોડથી અડધોએક કિલોમીટરના કાચા રસ્તે આશ્રમ આવેલ છે. પાછળના ભાગે શેઢી નદી. ઘોર અંધારું અને તમરાના અવાજ વચ્ચે ટૅક્સીમાં પણ સ્મશાન શી શાંતિ. મહારાજશ્રી સ્થિર દૃષ્ટિએ શાંતિથી બેસી રહેલા. જ્યારે ચંદુલાલ હવે શું થશે ? હવે શું થશે ? તેના કાલ્પનિક ઘોડા દોડાવ્યા કરતા. ઘડીક મહારાજશ્રી સામે જોતા તો ઘડીક બહાર નજર મારી લેતા. ટૅક્સીએ કાચા રસ્તે વળાંક લીધો. નજીક આવતા આશ્રમના દરવાજા પાસે હાથમાં ફાનસ લઈ એક ભાઈ ઊભેલા જણાયા. ચંદુલાલને મનમાં હાશ થઈ કે દરવાજાની બહાર સવાર સુધી ઊભા રહેવું નહિ પડે. ટૅક્સી દરવાજા પાસે ઊભી રહી, મહારાજશ્રી ટૅક્સીમાંથી બહાર આવ્યા. સામે ઊભેલા ભાઈએ પણ ફાનસ નીચે મૂક્યું અને બન્ને એકબીજાને ભેટી પડ્યા. ક્યાંય સુધી બાથ ભીડીને બન્ને એકબીજાને પીઠ થપથપાવતા રહ્યા. રામાયણમાં રામભરતનું મિલન વાંચીએ

**(અનુસંધાન પેજ નં. ૨૩ ઉપર)**

# (૧૩) સંસાર તો શ્રીહરિનું વ્યક્તવ્ય છે

શ્રીમોટા

મારા શરીરને અનેક પીડાકારી રોગો હોવા છતાં કર્મયજ્ઞ આચરતાં આચરતાં આ જે જોડકણાં મારાથી લખાય છે, એ મારે મન શ્રીહરિના ભાવની પ્રત્યક્ષ પ્રસાદી છે. આ પુસ્તકમાંની કણિકાઓ કશા પણ વિચાર વિના સહજમેળે જ લખાઈ છે. એમાં રહેલો વિચાર એ કોઈ તુક્કો કે કલ્પના નથી, પણ આ જીવનમાં એ બધું ભાવપૂર્વક જિવાયું છે, એનો અનુભવ આલેખાયો છે. શ્રેયાર્થી આ કણિકાના વાચન-મનનથી એની યથાર્થતાને સ્વીકારે એવી મારી પ્રાર્થના છે.

જીવનવિકાસની ભાવનાવાળા શ્રેયાર્થીનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ સંસાર પરત્વે અને કર્મ આચરવા પરત્વે કેવાં હોવાં જોઈએ એનો આ જોડકણાંમાં સ્પષ્ટ નિર્દેશ છે. આજે આપણો સમાજ ઘોર તમસમાં પડેલો છે. અને બ્રહ્મ, બ્રહ્માનંદ અને ઈશ્વર વિશે યદ્વાતદ્વા વાતો કરીને નર્યો દંભ જ છતો કરે છે. હરિની ભાવનામાં જીવવા કાજે ધગધગતી તમન્ના અને જિજ્ઞાસા હોવી ઘટે. એટલું જ નહિ પણ સાધનાના અભ્યાસમાં નિરંતરતા પ્રગટાવવા કાજેનો અવિરત ખંતભર્યો પુરુષાર્થ હોવો ઘટે. જ્યાં લગી રાગદ્વેષ અને કામક્રોધાદિ મોળા પડે નહિ ત્યાં લગી જીવનના વિકાસની દિશામાં ગતિ થઈ શકે નહિ.

સંસાર તો શ્રીહરિનું વ્યક્તવ્ય છે. એવી સંસાર પરત્વેની જ્ઞાનભક્તિપૂર્વકની દૃષ્ટિ કેળવીને પ્રાકૃતિક વલણોને મોળાં પાડવાં અને એનાથી પર તરવાનો અભ્યાસ કેળવવો એ સંસારનો હેતુ છે. શ્રેયાર્થીએ કર્મ પણ સાધનાની ભાવનાથી આચરવાનાં હોય છે. સકળ કર્મો પ્રભુપ્રીત્યર્થે આચરીને એ શ્રીપ્રભુને ચરણે ધરવાનાં હોય છે. સંસાર અને કર્મ એકબીજાં સાથે સંકળાયેલાં છે. કર્મથી સંસાર નભે છે. આથી, કર્મ પરત્વે ઉદાસીનતા કે પ્રમાદ તો રખાય જ નહિ. મેં મારા જીવનમાં કર્મને સાધનાના ભાવથી દિલની પૂરી મસ્તીથી આચર્યાં છે. સંસારમાં કર્મનું મહત્ત્વ કર્મ આચરવા પાછળની ભાવનાને લીધે છે. શ્રેયાર્થીએ તો વૃત્તિઓના વેગને મોળો પાડવા અને એનાથી તટસ્થ રહેવાના હેતુથી કર્મ આચરવાનાં છે. કર્મને યદ્વાતદ્વા કે ઊડઝૂડિયા રીતે કરવાનાં ન હોય, પરંતુ દિલના પૂરા ઉમળકાથી પ્રેમભક્તિયુક્ત આચરવાનાં હોય. આમ થાય તો જ જીવનનો ઉઠાવ થઈ શકે. 'ભાવકણિકા'ના પહેલા ખંડમાં આ અંગે જે લખાયું છે એનું મનન-ચિંતવન શ્રેયાર્થીને સંસાર અને કર્મના યથાર્થ સ્વરૂપને સમજવામાં સહાયભૂત થશે.

વળી, જીવનનો સાધક પોતાનાં સાધન નિરંતર અને અખંડાકાર કરવાને સતત મથતો હોય છે. એ પોતાના ઉમળકાભર્યા પુરુષાર્થથી ઊર્ધ્વજીવન માટે ભૂમિકા રચ્યા કરતો હોય છે. સતત જાગૃતિ અને સભાનતાથી શ્રીહરિના સ્મરણમાં રચ્યોપચ્યો રહે છે. એને મન તો-

**જીવનમાં હરિનામ આનંદોત્સવ ભવ્ય છે,**
**ભક્તના દિલનો લ્હાવો કેવો તે મસ્ત હોય છે !**
**હરિનું નામ તો તેને અમૃતદરિયો જ છે,**
**એના જીવનનો કેવો ઉદ્ધાર, હરિનામ છે !**

હરિસ્મરણથી હરિચરણમાં પોતાના ચિત્તને ઓગાળવા કઠણ તપશ્ચર્યા કરતો કરતો સાધક કેવી કેવી મથામણો, કેવા કેવા સંગ્રામો ખેલે છે. એનો ઈશારો પણ આ ચોપડીનાં જોડકણાંમાં છે.

'જીવન-અનુભવ-ગીત' એ શ્રેણીનાં ગઝલનાં પુસ્તકોમાં મારા સાધનામય જીવનનો ઈતિહાસ છુપાયો છે-તો અનુષ્ટુપ છંદમાં લખાયેલાં આ જોડકણાંમાં શ્રીહરિના કીર્તનનો પ્રસાદ છંટકાવરૂપે વ્યક્ત થયો છે. આમાં પણ મેં કરેલાં સાધનોને પરિણામે થયેલા અનુભવોનો અણસાર છે. જોકે મેં તો સ્પષ્ટ જ લખ્યું છે કે-

**માત્ર આ કલ્પનાથી મેં કશું નથી લખ્યું જરા,**
**જે રીતે હું જીવેલો છું, ને જેવાં સાધનો થયાં;**
**ને મેં અનુભવ્યું જેમ, ને પામ્યો સાર જે હૃદે,**
**તે પ્રમાણે લખેલું આ, અક્ષરશઃ જ સાચું છે.**

'ભાવકણિકા', પ્ર. આ., પૃ. ૨૪, ૫૩ - **મોટા**

❑

**(અનુસંધાન પેજ નં. ૨૧ નું ચાલુ)**

છીએ. સાંભળીએ છીએ પણ અહીં તો ચંદુલાલ આ અલૌકિક દૃશ્યનો આનંદ પ્રત્યક્ષ લૂંટી રહ્યા હતા. જાણે સમય રોકાઈ ગયો હતો. ત્યાં જ મહારાજશ્રીના શબ્દો કાને પડ્યા. 'ચંદુ, યે તેરા મોટા હૈ કે ખોટા હૈ દેખ !' ચંદુલાલ શો જવાબ આપે...તેમની આંખોમાંથી તો શ્રાવણ ભાદરવો વર્ષી રહ્યો હતો. ધન્ય છે એ ચંદુલાલના નસીબને (પૂજ્ય શ્રીમોટા, સાંઈખેડા પૂજ્ય દાદાજી પાસે હતા ત્યારે પૂજ્ય શ્રીકેવલાનંદજી મહારાજ જંગલમાંથી દાદાજી પાસે આવતા અને સાથે રહેતા એ રીતે પૂજ્ય શ્રીમોટા તેમને ઓળખે, પણ મહારાજશ્રીને પોતાની અંતરમુખતાને કારણે દાદાજી સિવાય કોઈનો પરિચય નહિ. નડિયાદમાં ઉભયનું પ્રથમ મિલન. પૂજ્ય શ્રીમોટા આ રીતે કયા સંદેશથી પૂજ્ય કેવલાનંદબાબાની રાહ જોઈ ઊભા રહ્યા એ આપણો વિષય નથી, આપણે તો ફક્ત સત્ય હકીકતનો આનંદ લૂંટીએ. ❑

**ગયેલા આત્માને...**

**(૧) રમેશભાઈ સી. મહેતાનો તા. ૩૦-૮-૨૦૨૦ના રોજ અમદાવાદ ખાતે દેહાંત થયો છે.**

**(૨) પૂજ્ય શ્રીમોટાનાં અક્ષર દેહના પ્રકાશનમાં ભક્તિભાવે વર્ષોથી સંકળાયેલ સાહિત્ય મુદ્રણાલય - અમદાવાદના શ્રી શ્રેયસ વિષ્ણુપ્રસાદ પંડ્યા સાહેબની ભગિની અ. સૌ. હિમાદ્રીબહેન જયેશભાઈ ભટ્ટનો તા. ૧૫-૯-૨૦૨૦ના રોજ દેહાંત થયો છે.**

**ઉપરોક્ત ગતાત્માઓનું શ્રીહરિ યશકલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના છે.**

**- સંપાદક**

## (૧૪) નામની સાધના શ્રેષ્ઠ છે

શ્રીમોટા

*['શબ્દ' ઉપરનું લખાણ 'સદ્‌ગુરુ'માં આવે છે, તે વાંચીને કોઈકને એમ પણ થાય કે મોટાએ આ તો વિષયાંતર કર્યું, પરંતુ તે તેમ નથી. પ્રત્યેક ચેતનાનિષ્ઠને ઉપાસના તો આવશ્યક. ઉપાસનામાં કોઈ ને કોઈ ગૂઢ રીતે 'શબ્દ' તો આવી જાય. 'શબ્દ'ની અનંત લીલા છે. પ્રકૃતિના ક્ષેત્રે પણ અનંત લીલા છે. કામ ક્રોધાદિ વગેરેમાં પણ એની લીલા છે. 'શબ્દ'ની સંગાથે રહીને 'શબ્દ'ને વર્ણવવા જવું એટલે ગૂઢમાં ગૂઢ પ્રદેશમાં ઊતરવું. વ્યક્ત થયેલ દરેક શબ્દને અખંડ, નિરવયવ, અનિર્વાચ્ય એવા 'શબ્દ' સાથે સંબંધ છે. 'શબ્દ'ને કુંડલિની જાગૃતિ સાથે પણ સંબંધ ખરો. શબ્દને લીધે પ્રાણ છે, પ્રાણને લીધે શબ્દ નથી.*

*'શબ્દ'ની પણ જુદી જુદી ભૂમિકાઓ છે. અગિયારમી ભૂમિકા પછી 'શબ્દ'નો નાદ સંભળાય છે. નાદ છેક સમાધિ સુધી લઈ જાય છે. 'શ્રીસદ્‌ગુરુ' ,પ્ર.આ., લેખકના બે બોલમાંથી - શ્રીમોટા]*

'સદ્‌ગુરુ' શબ્દ ના માત્ર ચેતનનો પ્રવાહ છે,
ચેતનની હૃદે ભક્તિ જન્માવશે ગતિ જ તે.
સદ્‌ગુરુ શબ્દથી કેવું ઊગે આકાશ જીવને !
મૂળે શો મૂળનો શબ્દ ચેતનનો પ્રકાર તે.

શબ્દમાં તેથી તો ભક્તિ જેને લાગેલ દિલ છે,
આજ કે કાલ શો તેવો શબ્દાતીત જ થાય છે.
છે બ્રહ્માકાર જે શબ્દ સર્જન શબ્દથી બધું,
શબ્દથી પાંચ તત્ત્વાદિ, શબ્દ પ્રત્યક્ષ ઈશ છે.

શબ્દમાંથી જ જન્મે સૌ શી વ્યવસ્થિતિ સુંદર !
કળા સૌંદર્ય સંપૂર્ણ શબ્દનું શું અનુપમ !
સર્વ અસ્તિત્વ જે જે છે, મૂળે જે સર્વનાય તે
- મૂળના મૂળમાં શબ્દ કેવો છૂપો રહેલ છે !

સદ્‌ગુરુ, શબ્દની સાથે છે એકાકાર જીવને,
ચેતનાનિષ્ઠ જે છે તે શબ્દના મૂળમાં જ છે,
**કથા શબ્દતણી જેથી સદ્‌ગુરુમાં ગવાઈ છે,**
અયોગ્ય કોઈને લાગે, જાણે ના ગુરુ તત્ત્વ તે.

શબ્દ અક્ષર ના માત્ર, એને અક્ષર જે ગણે,
રહસ્ય શબ્દનું ના કૈં સમજાવાનું એહને.
શબ્દ, બ્રહ્મની સંગાથે શો એકાકાર છે સદા !
एक પરસ્પરે ગૂઢ, ગાઢ પાછો અકલ્પ્ય ત્યાં.

શો પરાત્પર તો શબ્દ ! સર્વના આદિમાં જ તે,
જ્યારે કૈં કશું નહોતું ત્યાં શબ્દ પોતે હયાત છે.
શબ્દાતીત ભૂમિકાને વર્ણવવી બધી રીતે,
લાયકાત ન મારી છે, વામણો ત્યાં હું આખરે.

શબ્દ શો ગૂઢ સંપૂર્ણ, ગૂઢથી પણ ગૂઢ છે,
શબ્દ તેથી અનિર્વાચ્ય સર્વોપરી બધાંથીયે.
શબ્દમાં શબ્દથી ઊંડું જ્ઞાન જે શબ્દનું જ છે,
શબ્દની સાધના વિના કોઈથી ના પમાતું છે.
જુદી જુદી ભૂમિકાના શબ્દયે શા જુદા જુદા,
એનો તો દાખલો જોવા મળે કેવો શું તંત્રમાં !
રહસ્ય શબ્દમાં કેવું ! એકાકાર થયા વિના
શબ્દની સાથ, કોઈથી કેમેયે પરખાય ના.

બધાંય તત્ત્વમાં ગૂઢ જેમ આકાશ હોય છે,
ને જો સર્વત્ર આકાશ આકાશાતીત શબ્દ છે,
તેથી તો શબ્દ જ્યાં ને ત્યાં અનેક ભૂમિકા વિશે
શો તે પ્રત્યક્ષ ! પાછો તે ભૂમિકાતીત નિત્ય છે.

જેમ આકાશ સંપૂર્ણ નિરાકાર બધી રીતે,
તેમ શબ્દ નિરાકાર બ્રહ્માંડાતીત ખરેખરો,
ગણેલો કોઈકે શબ્દ બ્રહ્માતીત ખરેખરો,
એવું મહત્ત્વ, માહાત્મ્ય શબ્દનું છે અનંત શું !

શબ્દ જુદા જુદા તત્ત્વમાધ્યમે વ્યક્ત થાય જે,
શબ્દ પ્રત્યેકની તેવી જુદી જુદી શી શક્તિ છે !
હકીકતોય જુદી ને જુદાં રહસ્ય, ભાવ છે,
જુદી શક્તિય શી ત્યાં છે ! જુદી ઉપાસનાય છે.

શબ્દમાં સર્વ સામર્થ્ય, ભાવ, તેજ બધુંય તે
શબ્દમાં શબ્દથી વ્યક્ત થતાં કેવાં રહે જ તે !
જે જે શબ્દ થતો વ્યક્ત પ્રત્યેક તત્ત્વમાધ્યમે,
તે તે શબ્દની તન્માત્રા જુદે જુદે પ્રકાર છે.

શબ્દ આકાશનો જુદો શબ્દ વા તત્ત્વનોય તે,
તેજ-તત્ત્વતણો શબ્દ, જળ ને પૃથ્વીનોય તે,
તે તે બધાય શા શબ્દ જુદે જુદે સ્વરૂપ છે !
શક્તિ ને ભાવ ને તેજે પરિણામે શું ફેર છે !

અનાદિ શબ્દ પોતે છે અંત એને ન ક્યાંય છે,
અનંતાનંત સંપૂર્ણ જેમાં તેમાં બધાં વિશે,
**શબ્દને અર્થ કોઈ ના, શબ્દને માત્ર ભાવ છે,**
અખંડાકાર છે શબ્દ, શો સર્વોપરી શબ્દ છે !

સર્વનો ગર્ભ છે શબ્દ, આકાશ-ગર્ભ શબ્દ છે !
'અનાદિમાં અનાદિનું જે તેનું મૂળ' શબ્દ છે.
સદ્‌ગુરુ શબ્દની સાથે સંકળાયેલ જીવને,
શો એકાકાર તે સાથે ! શો એકરસ અંતરે !

આકાશમાંથી છે શબ્દ, **સર્જાયું શબ્દથી બધું,**
શબ્દથી પ્રાણ તેથી તો છે સર્જાયેલ જીવને.
નાભિનો શબ્દ શો પોતે જ્ઞાનાત્મક ન પૂર્ણ છે,
પાછો સાથે અને સાથે અજ્ઞાનાત્મક તે ન છે.

શબ્દનું એ પરિણામ નાદ પ્રત્યક્ષ જાણજે,
નાદ એકાગ્રતા, કેવી અંતરે પ્રગટાવશે.
નાદ ને નાદમાં લીન, મનાદિ મગ્ન થાય છે,
છતાં તે નાદ ના જ્ઞાન, **નાદ ને જ્ઞાન ભિન્ન છે.**

પ્રત્યેક ભૂમિકાકેરા શબ્દનો નાદ શો જુદો !
પ્રત્યેક નાદના પાછા ગુણ ને ભાવ છે જુદા.
નાદનું મુગ્ધ સંગીત ભારે કળણ કેવું તે !
રાખે ડુબાડી તેમાં ને તેમાં તલ્લીન સાવ તે.

શબ્દ પ્રકૃતિનાં અંગોમાંથી જે નીપજેલ છે,
ને શબ્દ બાહ્ય આકાશમાંથી જે નીકળેલ છે,
એકબીજાથી તે શબ્દતણા ભિન્ન પ્રકાર છે,
એક શો પ્રકૃતિજન્ય, બીજો સાકાર બ્રહ્મ છે.

**કેટલાય પ્રકારો છે ચેતનાનિષ્ઠમાં નર્યા !**
વર્તને શા જુદા જુદા, ભાવમાં એક તે છતાં,
સ્વભાવે સાવ નોખા સૌ, છતાં શા એક તત્ત્વમાં,
**વ્યક્તતત્વમાં જુદા જુદા, એક છે ચેતના છતાં.**

સાધના છો જુદી જુદી કરેલી તેમણે જ હો,
કિંતુ ત્યાં પરિણામે તો થવાનું એક ઠામ છે.
સ્વભાવે પોતપોતાના તે પ્રમાણેની સાધના,
નોખી નોખી રહેવાની, તેમાં ના એકરૂપતા.

કોઈક સાધના માગી તપશ્ચર્યા કઠિન લે,
સહેલી સુતરી કોક જેમ નામજપાદિ તે,
સૌ કરણોની શુદ્ધિને માગી લે કોક સાધના,
નામની સાધના જ્યારે શકે સૌ કોઈ સાધી તે.

કોઈક સાધના એવી શકે ટૂંકાવી કાળને,
કિંતુ શુદ્ધિ અનિવાર્ય ત્યાં ઘણી જ જરૂરી છે.

લેતાં લેતાં જ જ્યારે નામ, શુદ્ધિ થતી જતી,
જાગતાં ત્યાં અનુરાગ લગની બઢતી જતી.
**સહુ તે સાધનોમાં છે શ્રેષ્ઠ નામની સાધના,**
**અનુભવી જ ગાયું છે, જીવને આચરી સદા.**

'શ્રીસદ્‌ગુરુ', પ્ર.આ.,પૃ. ૧૯૬ ❑

## (૧૫) વાસના ટાળવી અતિભારે કામ છે

**શ્રીજી મહારાજ**

વૈરાગ્ય એકલો તો ટકી શકે નહિ. ભગવાનનો મારે દૃઢ આશરો થયો છે એવા વિચારમાંથી જે વૈરાગ્ય ઉદય થાય તે વૈરાગ્ય જ્ઞાને યુક્ત કહેવાય. એ વૈરાગ્યનો કોઈ કાળે નાશ થાય નહિ. જેમ અગ્નિ બળતો હોય તેને માથે જળ પડે તો અગ્નિ ઓલવાઈ જાય અને વડવાનલ અગ્નિ સમુદ્રને વિશે છે, તે જળનો ઓલાવ્યો ઓલવાતો નથી. તેમ જે જ્ઞાને યુક્ત વૈરાગ્ય છે, તે તો વડવાનલ અગ્નિ તથા વીજળીના અગ્નિ જેવો છે, તે કોઈ કાળે ઓલવાય નહિ.

તે વિના બીજા વૈરાગ્યનો તો વિશ્વાસ આવે નહિ. અમારો જે વૈરાગ્ય તે તો વીજળીનો અગ્નિ તથા વડવાનલ અગ્નિ તે સરખો છે. અમે આકાશ જેવા નિર્લેપ છીએ. એવા રૂડા ગુણ આવ્યાનું કારણ એ છે કે જે મોટા પુરુષને વિશે જે નિર્દોષ બુદ્ધિ રાખે છે, તે પોતે સર્વ દોષ થકી રહિત થાય છે અને જે મોટા પુરુષને વિશે દોષ પરઠે છે તે દોષના પરઠનારની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને કામાદિક જે શત્રુ તે સર્વે તેના હૈયામાં આવીને નિવાસ કરે છે. એવો **દોષદૃષ્ટિવાળો સત્સંગ કરે તોપણ દુખિયો મટે નહિ.**

અમારી સમીપે રહીને અમારી સર્વે પ્રકૃતિને જે જાણે છે તે બુદ્ધિમાન છે. સંસારમાં મોહ ઉપજાવનારાં પદાર્થ, ધન, સ્ત્રી, અલંકારાદિ તથા ખાનપાનાદિક છે તે કોઈમાં અમને હેત નથી. એ સર્વ થકી અમે ઉદાસી છીએ. અને કોઈકને દયા કરીને પાસે બેસવા દઈએ છીએ કે જ્ઞાનવાર્તા કરે છે, તે તો કેવળ તેના જીવના કલ્યાણને અર્થે દયા કરીને કરે છે. અને જે મૂર્ખ હોય તે તો પાસે રહે તોપણ અમારા સ્વભાવને એમ ન જાણે અને છેટે રહે તે પણ એમ ના જાણે.

જેને આત્મનિષ્ઠા હોય અને તે આત્માને વિશે પરમેશ્વરની મૂર્તિને ધારીને તેની ભક્તિ કરતો હોય અને પોતે બ્રહ્મરૂપ થઈ ગયો હોય તોપણ ભગવાનની ઉપાસનાનો ત્યાગ કરે નહિ. આત્મનિષ્ઠા અને ભગવાનની મૂર્તિનો મહિમા સમજ્યા થકી કોઈ પદાર્થને વિશે વાસના રહેતી નથી અને વાસના ટળ્યા પછી જેવું પોતાના દેહનું પ્રારબ્ધ હોય તેવાં સુખદુઃખને ભોગવે ખરો પણ ઇંદ્રિયોની તીક્ષ્ણતા મટી જાય છે અને મનોમય ચંદ્રની જે ધારા તે ઇંદ્રિયો બુઠ્ઠી થઈ જાય છે.

તે પછી જેમ કોઈ પુરુષે લીંબુ ચૂસ્યાં હોય અને દાંત અતિશય અંબાઈ ગયા હોય અને પછી તેને ચણા ચાવવા પડે, ત્યારે કોઈ રીતે ચવાય નહિ અને અતિશય ભૂખ્યો થયો હોય તો તે ચણાને ગળી જાય પણ ચવાય નહિ, તેમ જેણે આત્માનો અને ભગવાનનો યથાર્થ મહિમા જાણ્યો છે, તેને કોઈ લોકના વિષયસુખને વિશે આનંદ થાય નહિ. **વાસના ટળવી એ કામ અતિશય ભારે છે.** વાસના તો સમાધિનિષ્ઠ થાય તોપણ રહી જાય છે.

સમાધિ થયા કેડે તો બ્રહ્મના સ્વરૂપમાંથી દેહમાં કોઈ રીતે અવાતું નથી અને જો અવાય છે તો તેના ત્રણ હેતુ હોય છે. (૧) જો સંસારના સુખની કંઈ વાસના હોય તો સમાધિમાંથી પાછો દેહમાં આવે છે. (૨) અતિસમર્થ હોય તે સમાધિમાં જાય અને પોતાની ઈચ્છાએ પાછો દેહમાં આવે. (૩) કોઈક અન્ય પોતા થકી અતિસમર્થ હોય તે પાછો સમાધિમાંથી દેહમાં લાવે.

**જ્યારે સમાધિ થાય છે અને તેમાં બ્રહ્મનું દર્શન થાય છે ત્યારે કોટિ કોટિ સૂર્ય સરખો બ્રહ્મનો પ્રકાશ દેખે છે.**

જે કોઈ સાચો થઈને અમને મન અર્પે અને લેશમાત્ર અંતરાય રાખે નહિ તો તેમાં અમે કોઈ વાતની કસર રહેવા દઈએ નહિ.

'વચનામૃત', ૧૪મી આ., પૃ. ૧૭૦ ❑



(૧૯૫૮)

- શ્વાસ એ આપણો જીવનદોર છે.
- જેટલું અહમ્ મજબૂત તેટલી જીવનમાં અશાંતિ.
- એકાગ્રતા એ ધ્યાનનું પ્રથમ અંગ છે.
- તિરસ્કાર સહન કરવાનું પ્રભુ પાસે બળ માગવું, પણ નમ્રતા કદાપિ છોડવી નહિ.
- હરિ કરે તે સબ હિત કારણ.
- મનનું સ્થાન નાભિમાં છે, તેને શ્વાચ્છોશ્વાસ દ્વારા પોષણ મળે છે.
- મળેલા જીવો જ અનેક જન્મો સુધી એકબીજાને મળે છે અને પરસ્પરની ભાવનાઓ ખપાવે છે.

- શ્રી દયાનંદ તીર્થ (દાસાનુદાસ)

**HARIBHAV, OCTOBER, 2020**

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020



મળ્યો છે મોંઘો જે અવસર તને તું ન ચૂકજે,
ફરી વારે વારે તક નહિ મળે આવી તુજને,
તને સદ્‌ભાગ્યેથી અમૂલખ હીરો હાથ મળિયો,
ગમે ત્યાં ફેંકી ના દઈશ, લઈ લે લાભ પૂરતો.

•

ઉમંગેથી નિત્યે રટણ કર તું નામ પ્રભુનું,
રખે છોડી દેતો તલપ પ્રભુના નામતણી તું,
જગે પૈસા દે છે જન મજૂરીના તો ક્યમ તને
પ્રભુ ખાલી રાખે ? ત્યમ સમજી રે' લગ્ન હૃદયે.

- શ્રીમોટા

*'હૃદયપોકાર', પાંચમી આવૃત્તિ, કડી-૩૧,૮૫*

Printed and Published by SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor : SURESHCHANDRA M. VORA E-mail : hariwanitrust@gmail.com